Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



મોદી-મહંત સ્વામીના હસ્તે પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનો આરંભ

PAGE NO. 12

FRIDAY, 16 DECEMBER, 2022 Vol. 19, No. 50 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## લોકડાઉન પછી બિઝનેસ અને ગ્રાહક પ્રવૃત્તિમાં નબળાઇ, ફેક્ટરીમાં વિક્ષેપો અને મજૂરોની અછત

# ચીનની અર્થવ્યવસ્થામાં મોટી ઉથલપાથલ થતાં કોવિડ ઝીરો વ્યૂહરચના અચાનક બંધ

**બેજિંગ**

ચીનની સરકારે તેની કોવિડ ઝીરો નીતિને અચાનક છોડી દીધી હોવાના અહેવાલો છે. દેશની આર્થિક ગતિવિધિઓને માઠી અસર પહોંચતા આ નિર્ણય લેવાયો છે. નવેમ્બરમાં ચીનની આર્થિક પ્રવૃત્તિ નબળી પડી હતી. આવતા મહિનાઓમાં ચેપમાં વધારો થવાથી વધુ ગરબડ થવાની સંભાવના છે. તેવા સમયે ગુરુવારે જારી કરાયેલા મુખ્ય ડેટા પ્રમાણે વસંતમાં શાંઘાઈ લોકડાઉન પછી બિઝનેસ અને ગ્રાહક પ્રવૃત્તિ તેમના સૌથી નબળા સ્તરે આવી ગઈ છે. છૂટક વેચાણ અને ઘરના વેચાણમાં ઘટાડો થયો છે. જ્યારે ઔદ્યોગિક ઉત્પાદન અને રોકાણમાં પણ તીવ્ર ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત દેશમાં બેરોજગારી વધી છે. ફેક્ટરીઓમાં વિક્ષેપ અને શ્રમની તંગી વધી રહી છે. ઉચ્ચ આવર્તન ડેટા પહેલેથી જ બેઈજિંગ અને અન્ય સ્થળોએ આ મહિને પ્રવૃત્તિમાં વધુ મંદી સૂચવે છે. નોમુરા હોલ્ડિંગ્સ ઈન્ક.ના ચીફ ચાઈના ઈકોનોમિસ્ટ લુ ટીંગે એક નોંધમાં લખ્યું હતું કે, “નવેમ્બરના ડેટા સર્વસંમતિથી નીચે હતા. જે બગડતી મંદી તરફ નિર્દેશ કરે છે” જે આ મહિને ચાલુ રહેશે. તેમણે લખ્યું હતુ કે, “ગતિવિધિઓને સંપૂર્ણ રીતે ફરીથી ખોલવાનો માર્ગ હજી પણ પીડાદાયક અને પડકારો નોતરનારો બની શકે છે. આમ છતાં નબળી પડતી અર્થવ્યવસ્થાને સુધારવી આવશ્યક છે. સરકાર દ્વારા તેની લાંબા સમયથી ચાલતી કોવિડ ઝીરો વ્યૂહરચનાનો અચાનક ત્યાગ કરવાથી અર્થતંત્રને રાહત થશે. કારણ કે, નિયમોને નાબૂદ કરવાથી રહેવાસીઓને મુક્તપણે ફરવાની અને દુકાનો, ફેક્ટરીઓ અને રેસ્ટોરન્ટ્સને સ્નેપ લોકડાઉનના ડર વિના ખુલ્લા રહેવાની મંજૂરી મળશે.

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

RIGHT AT HOME
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd. Unit #3, Brampton, ON L6T 4Z5
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off



• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203 Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વસતા ભારતીયોને પરત સ્વદેશ આવવા મુશ્કેલી, યુકે જેવી પદ્ધતિની માંગ

**ઓન્ટેરિયો**

કેનેડામાં રહેતા ભારતીયોને ભારત આવવા માટે વિઝા મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેનેડા સ્થિત ભારતીય એજન્સી તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં ન આવતાં ભારતીયોને એજન્સીની વર્તૂણકને કારણે કડવા અનુભવો થવાના આરોપો મુકાઈ રહ્યા છે. કેનેડાના શહેર વિનીપેગમાં રહેતા ઈન્ડિયા બિઝનેસ કમિટીના પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે, કેનેડાથી ભારત આવવા માટે એનઆરઆઈ અને ખાસ કરીને એનઆરઆઈ ગુજરાતીઓને ભારતીય વિઝા મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર કોઈપણ સહયોગ આપતી નથી. તેમણે ભારતના વિદેશ મંત્રાલયને વિનંતી કરી હતી કે, યુકેમાં વિઝા સંબંધિત સમસ્યાઓનો સામનો કરવા માટે ઈલેક્ટ્રોનિક વિઝાની શરૂઆત કરવામાં આવી છે ત્યારે કેનેડામાં પણ આ સમસ્યાને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. કેનેડામાં ભારતીય વિઝાની સ્થિતિ ખૂબ જ ખરાબ છે.

પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે, વીઝા માટે કામ કરતી BLS ઈન્ટરનેશનલ કંપની ભારતીયો સાથે ગેરવર્તન કરી રહી છે. ભારતના વિદેશ મંત્રાલયે આને ધ્યાનમાં રાખીને પગલાં લેવા જોઈએ. કંપનીના આ વર્તનથી ભારતનું નામ કલંકિત થઈ રહ્યું છે. ઉપરાંત કંપનીએ ભારત આવવા ઈચ્છતા તમામ લોકો સાથે પ્રોફેશનાલિઝમ સાથે યોગદાન આપવું જોઈએ. કંપનીના કોલ સેન્ટરનો કોઈ કર્મચારી સીધો જવાબ આપતો નથી એવા પણ ગંભીર આક્ષેપો કર્યા હતા.

# સ્કારબોરો મસ્જિદમાં ઘૂસણખોરોના હુમલા બાદ સૌ આઘાતમાં છેઃ ઇમામ

## ધરપકડ કરાયેલી વ્યક્તિને માનસિક સ્વાસ્થ્યની સમસ્યા

**સ્કારબોરો**

સોમવારે સ્કારબોરોની મસ્જિદમાં સવારની નમાજ દરમિયાન એક ઈમામ પર હુમલો કરનાર ઘૂસણખોર અંગે તપાસ કરવા માટે ટોરોન્ટો પોલીસને બોલાવવામાં આવી હતી. આ ઘટના સવારે 7 વાગે ઈસ્લામિક ફાઉન્ડેશન ઓફ ટોરોન્ટો (IFT)ના 441 નગેટ એવેન્યુ ખાતે બની હતી, જે માર્કહામ રોડ અને મેકલેવિન એવન્યુની નજીક છે. મસ્જિદનાં સૂત્રો અનુસારઈમામ પર હુમલો કરવામાં આવ્યો હતો. બે બહાદુર જુથે તેને ઝડપથી પકડી લીધો હતો અને 911 ઉપર ફોન કર્યો હતો. ટોરોન્ટો પોલીસે એ શખ્સને ઝડપી લીધો છે. ટોરોન્ટો પોલીસે આ અંગે કહ્યું હતુ કે, હુમલો નજીવો હતો અને કોઈને ઈજા થઈ નથી. નેશનલ કાઉન્સિલ ઓફ કેનેડિયન મુસ્લિમોએ ઘટના બાદ ચિંતા વ્યક્ત કરી હતી કે નફરતની લાગણી ન ફેલાય એ માટે આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી નથી. સોમવારે બપોરે ફેસબુક પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, ઈમામ શેખ યુસુફ બદાતે કહ્યું કે તે અને તેના ઘણા મંડળો આ ભયાનક ઘટના પછી આઘાતમાં, ભયમાં અને ખૂબ ચિંતામાં છે.

# માર્કહામ હાઇવે પર બેફામ ઝડપે વાહન હંકારનારને અટકાવી ચાર્જ વસૂલાયો

## 30 દિવસ સુધી લાઇસન્સ સસ્પેન્શન અને 14 દિવસની વાહન જપ્તીની કાર્યવાહી

### સ્પીડ ગન ઉપર 234 કિમી પ્રતિ કલાકની ઝડપ રજીસ્ટર થઇ

**માર્કહામ**

ઓન્ટેરિયો પ્રોવિન્સિયલ પોલીસ (OPP) દ્વારા સોમવારે વહેલી સવારે એક અધિકારીની સ્પીડ ગન ઉપર 234 કિમી પ્રતિ કલાકની ઝડપ રજીસ્ટર થયા બાદ માર્કહામમાં હાઈવે પરના એક ડ્રાઈવરને રોકવામાં આવ્યો હતો અને ચાર્જ કરવામાં આવ્યો હતો.

તે નિર્ધારિત કરેલી ઝડપ મર્યાદા કરતાં બે ગણી વધારે ઝડપથી ગાડી હંકારતો હતો. Aurora OPPએ કહ્યું હતુ કે, હાઈવે 404 અને હાઈવે 407 વિસ્તારમાં મધરાતે 2 વાગ્યા પછી ડ્રાઈવરને અટકાવવામાં આવ્યો હતો. સ્પીડિંગ ચાર્જમાં 30 દિવસના લાઈસન્સ સસ્પેન્શન અને ઓટોમેટિક 14 દિવસની વાહન જપ્તીનો સમાવેશ થાય છે. OPPએ રવિવારે કહ્યું હતુ કે, સિઝનમાં બીજી વાર સૌથી વધુ બરફ પડ્યા પછી સમગ્ર ગ્રેટર ટોરોન્ટો એરિયામાં અકસ્માતના કિસ્સામાં વધારો થયો છે અને તે પછી આ પદ્ધતિ અમલમાં આવી છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઇન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com










રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ગુજરાતી સિનિયર્સ ગૃપ બ્રામ્પ્ટનનો ક્રિસમસ કાર્યક્રમ યોજાયો: ગીતો ગૂંજ્યા, ડાન્સની રમઝટ

## ગુજરાતી ભાષામાં ભાગવત ગીતા પુસ્તકનું વિતરણ



**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ગૃપ બ્રામ્પ્ટનનો ક્રિસમસ પ્રોગ્રામ ગત તા. 11 ડિસેમ્બર 2022ને રવિવારે બપોરે 1 થી 6 વાગ્યા દરમિયાન ગોરમેડો પીક્રીએશન સેન્ટર બ્રામ્પ્ટન ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રોગ્રામનું આયોજન શીલાબહેન ગાંધી, હર્ષદભાઈ પટેલ તથા મનુભાઈ પટેલે સાથે મળી કર્યું હતું.

સમુહ પ્રાર્થના બાદ મનુભાઈ પટેલે સર્વેનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સતીષભાઈ પટેલે બોલીવુડના ગીતો ગાઈ સર્વેને ખુબ જ આનંદ અપાવ્યો હતો. જે બાદ ડિસેમ્બરમાં જે સભ્યોની બર્થ ડે તથા એનેવર્સરી હોય, તે નિમિત્તે ગીતો ગાઈ સર્વેને અભિનંદન પાઠવાયા હતા. શીલાબહેન નંદ ગાંધી રચીત ગીત ગાઈ કીચન કમિટિના સભ્યોએ ડાંસ સાથે અભિવાદન ઝીલ્યું હતુ. કુંદનબહેન ગોસાઈએ ક્રિસમસ સોંગ ઉપર બધાને કસરત કરાવી હતી. શાંતાક્લોઝ (હિતેષભાઈ પટેલ)એ પરેડ કરી સર્વને ડાન્સ સાથે કેન્ડી આપી ખુબ જ આનંદ કરાવ્યો હતો.

ડોન પટેલ તથા એસ. પટેલ સેવ મેપા રીયલ એસ્ટેટ અને ડાન્સ પોર હારમની, હ્યુમીનીટી તરફથી વિનામુલ્યે ગુજરાતીમાં "ભગવત ગીતા તેના મુળરૂપે"ના પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની શરૂઆતમાં અસમતીબહેન સુર્યકાન્ત મહેતા તરફથી તેમની એનિવર્સિરી હોય ફ્રુટ અને આઈસ્ક્રીમનું વિતરણ કરાયુ હતુ. અંતમાં વર્ષા બહેન રાજેશભાઈથી તરફ પાંઉભાજી, પુરી, બીરીયાની, રાયતુ, શીરાનો પ્રસાદ તથા ખમણના જમણનો સૌએ લાભ લીધો હતો.

# કેનેડામાં મકાનનું સરેરાશ ભાડું પ્રથમ વખત 2K ડોલરથી વધ્યું : અહેવાલ

## ભાડૂઆતે દર મહિને સરેરાશ $ 2,024 ડોલરનું ચુકવણુ કરવુ પડે છે

**ટોરોન્ટો**

બુધવારે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, કેનેડામાં ઘર ભાડે આપવાનો સરેરાશ માસિક ખર્ચ નવેમ્બરમાં પ્રથમ વખત 2,000 ડોલરને વટાવી ગયો હતો. ડેટા દર્શાવે છે કે, કેનેડિયન ભાડૂતો તેમના માથા ઉપર છત રાખવા માટે દર મહિને સરેરાશ $ 2,024 ડોલરની રકમ કાઢી રહ્યા છે.

આ આંકડો બેચલર એપાર્ટમેન્ટ્સથી લઈને અલગ ઘરો સુધીના તમામ પ્રકારના આવાસને આવરી લે છે. તે ગયા નવેમ્બરની સરખામણીમાં 12.4 ટકા વધુ છે, જે કેનેડાના 6.9 ટકાના ફુગાવાના દરને પાછળ છોડી દે છે. નવો રિપોર્ટ રેન્ટલ સર્ચ સાઈટ Rentals.ca અને રિયલ એસ્ટેટ રિસર્ચ ફર્મ અર્બનેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તે Rentals.ca ની આંતરિક સૂચિ સેવામાંથી સંકલિત ડેટા પર આધાર રાખે છે અને હાઈલાઈટ કરે છે કે દેશના લગભગ દરેક બજારમાં ભાડાની કિંમત વધી રહી છે. વાનકુવરમાં એક અને બે બેડરૂમ યુનિટની કિંમત અનુક્રમે દર મહિને 2,633 ડોલર અને દર મહિને 3,598 ડોલર હતી. બીજા નંબરે ટોરોન્ટોનું સૌથી વધુ ભાડું હતું. શહેરમાં એક બેડરૂમના એપાર્ટમેન્ટની સરેરાશ કિંમત ગયા વર્ષના સમાન સમયથી 23 ટકા વધી છે, જે માસિક 2,532 ડોલર છે. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે બે બેડરૂમના એપાર્ટમેન્ટ માટે તમારે દર મહિને સરેરાશ 3,347 ડોલરનો ખર્ચ કરવો પડશે. ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના અન્ય શહેરોમાં પણ ભાડામાં મોટો વધારો જોવા મળ્યો છે. બ્રામ્પટનમાં દર વર્ષે ખર્ચમાં 28 ટકાનો વધારો થયો હતો, જ્યારે મિસીસાગામાં 19.2 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. GTAની પશ્ચિમે આવેલા નાના બજારો પણ વધુ મોંઘાં થયાં છે, જેમાં લંડનમાં માસિક ભાડા 27.9 ટકા અને કિચનરમાં 24 ટકા વધ્યા છે.

# કેનેડાના અલ્બર્ટામાં 24 વર્ષીય શીખ યુવક સનરાજની ગોળી મારી હત્યા

**અલ્બર્ટા**



કેનેડાના અલ્બર્ટામાં 24 વર્ષના શીખ યુવક સનરાજ સિંહની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી છે. એડમોન્ટન મેટિકલ પરિક્ષકે પરીક્ષણ બાદ પુષ્ટિ કરી છે કે, સનરાજની હત્યા ગોળી લાગવાથી થઈ છે. એડમોન્ટન પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતકની ઓળખ સનરાજ સિંહના રૂપમાં થઈ છે. જે પોલીને દક્ષિણ પૂર્વ એડમોન્ટનમાંથી મળી આવ્યો હતો. જાણકારી મળ્યા બાદ પોલીસ 3 ડિસેમ્બરના રોજ સ્થાનિક સમય પ્રમાણે 3:00 વાગ્યે ઘટના સ્થળ પર પહોંચી હતી. 3 ડિસેમ્બરના રોજ 51 સ્ટ્રીટ અને 13 એવેન્યુમાં ગોળીનો અવાજ આવ્યા બાદ પોલીસને તેની સૂચના મળી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે 7 ડિસેમ્બરના રોજ જ્યારે એડમોન્ટન મેડિકલ પરીક્ષકે મૃતદેહનું પોસ્ટમોટમ કર્યું તો એ જાણવા મળ્યું કે, 24 વર્ષના સનરાજ સિંહની હત્યા ગોળી લાગવાને કારણે થઈ છે.







તંત્રી સ્થાનેથી

# દાદા સરકાર 2.0 : આશ્ચર્યની વણઝાર, 17ના પત્તા કપાયા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ ભાજપે મુખ્યમંત્રીપદે ભૂપેન્દ્ર પટેલને રિપીટ કરતા ગાંધીનગરનું સિંહાસન પણ સોંપી દીધુ છે.



તંત્રી - સ્વદેશ

આમ તો અમીત શાહે અમદાવાદની જાહેરસભામાં ચૂંટણી પ્રચાર દરમિયાન જ સીએમ તરીકે દાદાની જાહેરાત કરી હતી. એટલે સૌ કોઈને ખબર જ હતી કે, ગુજરાતમાં મુખ્યમંત્રી કોણ બનશે. એટલે સીએમ પદ માટે ઝાઝી ઉત્સુકતા કોઈને ન હતી. પણ મંત્રીમંડળમાં કોણ કોણ હશે તેની સૌને ઈંતેજારી હતી. ભાજપે પહેલી વાર ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવ્યા ત્યારે મંત્રીમંડળમાં નો રિપીટ ફોર્મ્યુલા અપનાવીને વિજય રૂપાણી સરકારના એક પણ મંત્રીને સ્થાન આપ્યું ન હતુ. સોમવારે ભાજપે ફરી એકવાર ગુજરાતમાં સરકાર બનાવી અને ગાંધીનગરમાં સચિવાલયના હેલિપેડ ગ્રાઉન્ડ પર ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રીપદના શપથ લીધા. ભૂપેન્દ્ર પટેલ સાથે તેમના મંત્રીમંડળના ૧૬ સભ્યોએ પણ શપથ લીધા. ભાજપે નવી સરકારની રચનામાં ભૂપેન્દ્ર પટેલની અગાઉની કેબિનેટના મહત્તમ જૂના મંત્રીઓને રવાના કરવા સાથે બહુ ધરખમ ફેરફારો કરી દીધા છે. જેમની બાદબાકી કરાઈ તે અંગે પણ ચર્ચાનું બજાર ગરમાયુ છે. કારણ કે અગાઉની ભૂપેન્દ્ર પટેલ સરકારના ૧૭ મંત્રીને કાપી નંખાયા છે. રાજ્યના 33 પૈકી 21 જિલ્લામાંથી કોઈ પણ ધારાસભ્યને સરકારમાં સ્થાન અપાયું નથી. તેથી આવનારા સમયમાં સરકારનું વિસ્તરણ સંભવ છે. જો કે, હાલ જેની બાદબાકી થઈ તેમાં સૌથી આંચકાજનક નામ જીતુ વાઘાણીનું છે.

અગાઉ ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નંબર ટુ ગણાતા વાઘાણીને કોઈ જવાબદારી ન સોંપવા પાછળ પાર્ટીનું ચોક્કસ ગણિત મનાય છે. ઉપરાંત નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ અને વિજય રૂપાણીના મંત્રી મંડળમાં મંત્રી રહી ચૂકેલા જયેશ રાદડિયાની પણ બાદબાકી કરવામાં આવી છે. અગાઉ ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, માર્ગ-મકાન વિભાગના મંત્રી પૂર્ણેશ મોદી, વન પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી કિરીટસિંહ રાણા, મહિલા મંત્રીઓમાં મનિષા વકિલ અને નિમિષા સુથાર અને ગજેન્દ્રસિંહ પરમાર, વિનુ મોરડિયા અને દેવા માલમનું પત્તુ પણ આ વેળા મંત્રીમંડળમાંથી કાપી નંખાયુ છે. નવા મંત્રીમંડળમાં જેમનો સમાવેશ કરાયો તેમાં પણ આશ્ચર્યની ભરમાર છે. દાદા-2 કેબિનેટમાં મંત્રી તરીકે કનુભાઈ દેસાઈ, બલવંતસિંહ રાજપૂત, રાઘવજી પટેલ, ઋષીકેશ પટેલ, કુંવરજી બાવળિયા, મૂળુભાઈ બેરા, કુબેર ડિંડોર અને ભાનુબેન બાબરિયાને જવાબદારી અપાઈ છે. આ પૈકી કનુભાઈ દેસાઈ, રાઘવજી પટેલ, ઋષીકેશ પટેલ ભૂપેન્દ્ર પટેલની પહેલી કેબિનેટમાં પણ હતા. કુંવરજી બાવળિયા અને કુબેર ડિંડોર પહેલાં મંત્રી હતા તેથી તેમને ફરી સ્થાન અપાયું તેનું કોઈને આશ્ચર્ય નથી પણ બળવંતસિંહ રાજપૂતની એન્ટ્રી આશ્ચર્યજનક છે.

વળી આ ઘટના એ વાતનો પુરાવો છે કે, મંત્રીમંડળની રચનામાં પણ અમિત શાહનો સિક્કો જ ચાલ્યો છે. બળવંતસિંહ મૂળ કોંગ્રેસી છે અને કોંગ્રેસની ટિકિટ ઉપર ધારાસભ્ય બનતા રહ્યા હતા. શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહના વેવાઈ બળવંતસિંહ ૨૦૧૭માં કોંગ્રેસમાં જોડાયા હતા. ભાજપે ૨૦૧૭માં અહમદ પટેલને રાજ્યસભામાં જતા રોકવા ભારે ધમપછાડા કર્યા હતા. તે સમયે ભાજપે કોંગ્રેસના ધારાસભ્યો પાસે સાગમટે રાજીનામાં અપાવીને કોંગ્રેસનું સંખ્યાબળ ઘટાડવાનો મોટો દાવ ખેલ્યો હતો. એ વખતે શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં હતા પણ ભાજપે તેમને શું સમજાવ્યું કે, તેઓ કોંગ્રેસથી જુદાં થઈ ગયા હતા.

બળવંતસિંહ એ વખતે કોંગ્રેસના ધારાસભ્ય હતા અને શંકરસિંહની વાતમાં આવીને રાજીનામું ધરી દીધેલું. જે બાદ ભાજપે બળવંતસિંહ રાજપૂતને જ ઉમેદવાર બનાવીને અહમદ પટેલ સામે મેદાનમાં ઉતાર્યા હતા. બળવંતસિંહ અને ભાજપ બંનેએ મળીને કોંગ્રેસમાં રમખાણ કરીને સાત ધારાસભ્યોને તોડી પાડેલા. શાહ જે રીતે પ્રયાસો કરતા હતા તેનાથી લાગતું હતું કે, અહમદ પટેલને હારનો સામનો કરવો પડી શકે છે. પણ પટેલ વધારે ચાલાક સાબિત થયા અને ભાજપ અને બળવંતસિંહને પછડાટ ખાવાનો વારો આવ્યો હતો.

જો કે, રાજપૂતે જે લડાયકતા બતાવી તેના કારણે ભાજપે તેમને જીઆઈડીસીના ચેરમેન બનાવ્યા હતા. તેની મુદત પતી ગયા પછી રાજપૂત નવરા જ હતા તેથી તેમની કારકિર્દી પતી ગયેલી મનાતી હતી ત્યાં શાહના કારણે તેમને સિદ્ધપુરમાંથી ટિકિટ મળી અને જીતી જતાં મંત્રીપદ પણ મળ્યું. ભૂપેન્દ્ર પટેલ કેબિનેટમાં એવી જ બીજી ભાનુબેન બાબરિયાની પસંદગીને પણ જાણકારો આશ્ચર્યજનક જ લેખાવે છે. રાજકોટ જિલ્લામાંથી જસદણ બેઠકના ધારાસભ્ય કુંવરજી બાવળિયાને પણ કેબિનેટ મંત્રી બનાવાયા છે પણ બાવળિયા જૂના જોગી હોવાથી તેમની પસંદગી બરાબર છે.

જયારે રાજકોટ ગ્રામ્યના મહિલા ધારાસભ્ય ભાનુબેન બાબરિયાની પસંદગીથી ખુદ ભાજપીઓ અચંબામાં છે. એક મહિલા દલિત ધારાસભ્ય ભાનુબેનને મંત્રી બનાવીને ભાજપે એક કાંકરે અનેક પક્ષી માર્યા છે. ભાનુબેન બાબરિયાના પરિવારનો રાજકારણ સાથે નાતો જૂનો છે. આ ઉપરાંત ખંભાળિયામાં ઈસુદાન ગઢવી અને વિક્રમ માડમને હરાવનારા મુળુ બેરા આમ તો ભાજપના જૂના જોગી છે. વર્ષો પછી પુનરાગમન કરીને તેમણે પણ કેબિનેટ મંત્રી બનાવાયા છે. જયારે રાજ્યકક્ષાના મંત્રીઓમાં સ્વતંત્ર હવાલા સાથે હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા (પંચાલ)નો સમાવેશ કરાયો તેના કારણે કોઈને આશ્ચર્ય થયું નથી. રાજ્ય કક્ષાના બીજા મંત્રીઓમાં પરસોત્તમ સોલંકી, બચુભાઈ ખાબડ, મુકેશ પટેલ, ભીખુસિંહ પરમાર અને કુંવરજી હળપતિને જવાબદારી સોંપાઈ છે.

જયારે પ્રફુલ પાનસેરિયાની પસંદગી આશ્ચર્યજનક છે. હવે સાથે મહત્વની બાબત તો એ છે કે, 17 મંત્રીમાંથી 4 મંત્રી એટલે કે 24% મિનિસ્ટર્સ સામે ગુના દાખલ થયેલા છે. આ મંત્રીઓમાં હર્ષ સંઘવી, પરષોત્તમ સોલંકી, રાઘવજી પટેલ અને ઋષિકેશ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે ગંભીર ગુના ધરાવતા મંત્રીમાં એકમાત્ર પરષોત્તમ સોલંકીનું નામ આવે છે. જેમની સામે IPC 420, IPC 467 અને IPC 477 હેઠળ કેસ નોંધાયેલા છે. જૂના મંત્રીમંડળમાં 7 મંત્રીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા જેમાંથી 3 સામે ગંભીર ગુના નોંધાયા હતા. સરકારના મંત્રીઓની શિક્ષણની વાત કરીએ રિપોર્ટ મુજબ 17માંથી 6 મંત્રી એટલે કે 35% મંત્રીઓ 8થી 12 ધોરણ સુધી પાસ છે. જ્યારે મંત્રીમંડળના 47 ટકા એટલે કે 8 મંત્રી ગ્રેજ્યુએટ છે, અથવા તેથી વધુ શિક્ષણ ધરાવે છે. જ્યારે માત્ર 3 મંત્રી જ એટલે ક 18% મિનિસ્ટર્સ ડિપ્લોમા હોલ્ડર છે.

manoj1968@yahoo. ca






# ધાનેરામાં પરિવારનું દુઃખ દુર કરવા પાંચ ભુવાઓએ ચાંદી સહિત 35 લાખ પડાવ્યા

## પરિવારને ભુવાઓએ કહ્યું હતું કે, દુઃખ દુર કરવા એક કરોડનો ખર્ચ થશે

**ધાનેરા**

આજના આધુનિક યુગમાં હજી લોકો અંધશ્રદ્ધા પર વિશ્વાસ કરી રહ્યાં છે. જેના કારણે જુની કહેવત સાચી ઠરી છે. લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ના મરે. આવું જ કંઈક ઉત્તર ગુજરાતના ધાનેરામાં થયું છે. પાંચ ભુવાઓએ ભેગા મળીએ એક પરિવારનું દુઃખ દુર કરવા માટે લાખો રૂપિયાની માંગ કરી હતી. તેમણે એક જ પરિવારના બે ભાઈઓને દુઃખ દુર કરવાની લાલચ આપીને 35 લાખ રોકડા અને 1.70 લાખની ચાંદી પડાવી લીધી હતી. આ ભૂવાઓએ પરિવારના સભ્યોને કહ્યું હતું કે, 80 વર્ષ અગાઉ તમારા ઘરે કોઈએ માતા મૂકી છે જેથી તમારે ચેહર માતાની બાધા રાખવી પડશે. જેથી પરિવાર ભૂવાઓની વાતમાં આવી ગયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ધાનેરા અને થરાદના પાંચ ભૂવાઓએ ગોલા ગામના બે ભાઈઓને દુઃખ દૂર કરવા બાધા આપી હતી. આ બાધાથી પરિવારમાં થોડેક અંશે રાહત થઈ હતી જેથી પરિવારને ભૂવાઓમાં વિશ્વાસ બેઠો હતો. પરંતુ આ લંપટ ભૂવાઓએ પહેલેથી જ લાલચ આપીને ભાઈઓને પોતાની તરફ કરી લીધા હતાં. આ ભૂવાઓએ બંને ભાઈઓને કહ્યું હતું કે, દુઃખ દુર કરવા એક કરોડ સુધીનો ખર્ચ થશે. બસ આટલું કહીને તેમણે બંને ભાઈઓ પાસેથી 1.70 લાખની ચાંદી અને 35 લાખ રૂપિયા રોકડા પડાવી લીધા હતાં. આ તમામ બાબતની વીડિયો ગ્રાફી થતી હતી.

# વડોદરામાં ત્યજી દેવાયેલી પાંચ વર્ષની બાળકીને મળ્યા યુરોપના માતા-પિતા

**વડોદરા**

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ત્યજી દેવાયેલી બાળકીને આખરે યુરોપિયન દંપતીએ માતા પિતાનુ છત્ર પુરુ પાડયુ છે.આ બાળકીને યુરોપના દેશ માલ્ટાના દંપતિએ તાજેતરમાં દત્તક લીધી છે.

માલ્ટાના નાગરિક વિન્સેન્ટ જો અનાસ્ટાસી તેમજ તેમના પત્ની ગાયટના જો તાજેતરમાં વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલી સરકારની સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સીમાં આવ્યા હતા અને પાંચ વર્ષની બાળકી તેમને સોંપવામાં આવી હતી.આ બાળકીને લઈને બીજા દિવસે વડોદરાનુ દંપતિ રવાના થઈ ગયુ હતુ.

વડોદરા સ્થિત સ્પેશ્યાલાઈઝડ એડોપ્શન એજન્સીના ઓફિસર જાગૃતિબેન કહે છે કે, બાળક દત્તક લેવા માટે કેન્દ્ર સરકારની વેબસાઈટ કારા(સેન્ટ્રલ એડોપ્શન રીસોર્સ ઓથોરિટી) પર ઓનલાઈન એપ્લાય કરવાનુ હોય છે.માલ્ટાના દંપતિએ ૨૦૨૦માં બાળકને દત્તક લેવા માટે અરજી કરી હતી.એ પછી જરુરી કાયદાકીય કાર્યવાહીમાં બે વર્ષ લાગ્યા હતા.આ દરમિયાન તેમણે વેબસાઈટ પર બાળકોની પ્રોફાઈલ ચેક કરીને વડોદરાની બાળકી પર પસંદગી ઉતારી હતી.

# વડોદરામાં વેરા ભરવાની મુદત પૂરી થયા બાદ બાકી વસૂલાત માટે વૉરંટ બૅજાવાશે

## વોરંટની બજવણી છતાં વેરો નહિ ભરે તો મિલકતો સીઝ કરાશે

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમા નવા વર્ષના બજેટ સંદર્ભે કવાયત શરૂ કરી દેવામાં આવી છે અને આવક ના નવા સ્ત્રોત અંગે ચર્ચા વિચારણા થઈ રહી છે. કોર્પોરેશન દ્વારા મિલકત વેરા ની વસુલાત માટે ચાલુ નાણાકીય વર્ષના આશરે સાડા ત્રણ મહિના બાકી રહ્યા છે ,ત્યારે કમર કસવામાં આવી છે ચાલુ નાણાકીય વર્ષમાં કોર્પોરેશનના મિલકતવેરાની આવકનો લક્ષ્યાંક 520 કરોડ હતો તેની સામે અત્યાર સુધીમાં આશરે 360 કરોડ રૂપિયા મળ્યા છે.

દરમિયાન મિલકત વેરાના બિલો ભરવાની મુદતમાં જે તે ઝોનમાં બિલ ભરવાની છેલ્લી તારીખથી 15 દિવસનો વધારો કર્યો હતો તેમાં પૂર્વ ઝોનમાં મુદત પૂરી થવાની તૈયારીમાં છે. પૂર્વ ઝોનમાં વોર્ડ નં. 4, 5, 6,14 અને 15 માં 15 દિવસની મુદત વધારી તે પછી છેલ્લી તારીખ 15 ડિસેમ્બર છે. દક્ષિણ ઝોનમાં વોર્ડ નં.16, 17, 18 અને 19માં છેલ્લી તારીખ 23 ડિસેમ્બર કરાઇ છે. ઉત્તરઝોનમાં વોર્ડ નં.1,2,3, 7 અને 13 માં છેલ્લી તારીખ 27 ડિસેમ્બર અને પશ્ચિમ ઝોનમાં વોર્ડ નં.8,9,10, 11 અને 12 માં બિલો ભરવાની છેલ્લી તારીખ 2 જાન્યુઆરી છે. વેરા બિલ ભરવાની મુદતમાં વધારો હવે પછી કરવામાં આવશે નહીં. જેથી જે લોકોએ હજી વેરો ભર્યો ન હોય તેઓને ભરી દેવા કોર્પોરેશને જણાવ્યું છે.

# વિરોધ છતાં ગોધરાકાંડના આજીવન કેદના ગુનેગારને સુપ્રીમમાંથી જામીન

## 17 અપરાધીની અપીલ અંગે સુપ્રિમ રજાઓ પછી સુનાવણી કરશે

**નવીદિલ્હી**

ગુજરાત સરકારના જોરદાર વિરોધ છતાં સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના ગોધરાકાંડ કેસમાં મામલે આજીવન કેદના ગુનેગારને જામીન આપી દીધા છે. કોર્ટે કહ્યું કે અપરાધી ફારૂક ૨૦૦૪થી જેલમાં છે અને તેણે ૧૭ વર્ષ જેલ ભોગવી છે, તેથી તેને જામીન પર જેલમાંથી મુક્ત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટ બાકીના ૧૭ અપરાધીઓની અપીલ પર રજાઓ પછી સુનાવણી કરશે. સુનાવણી દરમિયાન જામીનનો વિરોધ કરતાં ગુજરાત સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું - આ માત્ર પથ્થરમારો નહોતો, આ એક ઘૃણાસ્પદ ગુનો હતો, કારણ કે તેઓએ સળગતી ટ્રેનમાંથી લોકોને બહાર નીકળવા નહોતા દીધા. છેલ્લી સુનાવણીમાં પણ ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં દોષિતોની મુક્તિનો વિરોધ કર્યો હતો. ગુજરાત સરકારે પથ્થરબાજોની ભૂમિકાને ગંભીર ગણાવી હતી. ગુજરાત સરકારના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ માત્ર પથ્થરબાજીનો મામલો નથી, પથ્થરબાજીને કારણે પીડિત લોકો સળગતી બોગીમાંથી બહાર નીકળી શકયા નથી. પથ્થરબાજોનો ઈરાદો એવો હતો કે સળગતી બોગીમાંથી કોઈ મુસાફર બહાર ન નીકળી શકે અને બહારથી કોઈ તેમને બચાવવા જઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આમાંના કેટલાક દોષિતો પથ્થરબાજો હતા તેઓ લાંબો સમય જેલમાં ભોગવી ચુકયા હતા.


નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL

$11.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$14.99 (M-T) / $15.99 (F-S)

Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# પાવાગઢ દર્શન કરી સુરત જતાં પરિવારને વડોદરા પાસે અકસ્માત નડ્યો, 4ના મોત

## પાવાગઢના જરોદ પાસે જ તેમની કાર એક ટ્રકની પાછળ ઘુસી ગઇ, 5ને ઇજા

**વડોદરા**

સુરતનો પરિવાર ઉજ્જૈનથી દર્શન કરીને પરત આવતો હતો ત્યારે આ પરિવાર પાવાગઢના દર્શને ગયો હતો. દર્શન કરીને પરત ફરતાં વાઘોડિયા તાલુકાના જરોદ પાસે જ તેમની કાર એક ટ્રકની પાછળ ઘુસી ગઈ હતી. આ દરમિયાન કારમાં બેઠેલા ચાર લોકોનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાંચ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી.



અકસ્માતની ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે જવા તાત્કાલિક ધોરણે રવાના થઈ હતી. પોલીસની સાથે NDRFની ટીમે ઘટના સ્થળે જઈને બચાવ કામગીરી હાથ ધરી હતી. પોલીસની ટીમે અકસ્માતમાં ઈજા પામેલા લોકોને હોસ્પિટલ ખસેડ્યાં હતાં. જ્યારે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ ઘટનામાં વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં મૃત્યુ પામનારામાં રંગાજી કિશોરજી કલાલ (ઉમર 65), રોશન ગગાજી કલાલ (ઉમર 40), ૩. પ્રકાશ રામાજી ગુર્જર (ઉમર 35), ૪. રાકેશ કનૈયા જી ગુર્જર (ઉમર 80)નો સમાવેશ થાય છે.

# મહિસાગર જિલ્લામાં 45 નાગરિકોએ ધર્મ પરિવર્તન કરતાં મચેલી ચકચાર

**મહિસાગર**

મહીસાગર જીલ્લામાં ધર્મ પરિવર્તનને લઈ ચકચાર મચી છે. જેમાં બાલાસિનોરની ગાર્ડન હોટલમાં કાર્યક્રમ યોજાયો હતો. તેમજ બાલાસિનોર, નડિયાદ અને પંચમહાલના લોકો કાર્યક્રમમાં જોડાયા હતા. જેમાં ધર્મગુરુ દ્વારા 45 લોકોએ ધર્મ પરિવર્તન કર્યું છે. તેમાં હિન્દુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મમાં 45 લોકો જોડાયા છે. બાલાસિનોર નગર વિસ્તારમાં આવેલી હોટલમાં બૌદ્ધધર્મના ધર્મગુરુની હાજરીમાં બાલાસિનોર નગરના રોહિતવાસના 7 ઈસમો સહિત મહીસાગર જિલ્લા સાથે ખેડા અને પંચમહાલ જિલ્લાના 45 લોકોએ હિન્દુ ધર્મમાંથી બૌદ્ધધર્મમાં પરિવર્તન કરી લીધું હતું. સમગ્ર બાબતે ફોટા અને વીડિયો વાયરલ થતાં સમગ્ર ઘટના સામે આવતા બાલાસિનોર નગર સહિત મહીસાગર જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. ધર્મ પરિવર્તન બાબતે જે લોકોએ ધર્મ પરિવર્તન કર્યું છે તે લોકોએ કાયદાકીય જિલ્લા કલેકટરને અરજી કરવાની રહે છે જે બાદ નાયબ કલેકટર અને મામલતદારને લોકો માટે અભિપ્રાય આપવામાં આવે છે. તો ધર્મ પરિવર્તન કરનાર લોકોએ જિલ્લા કલેકટરને અરજી કરી છે કે કેમ તે તપાસ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

# કઠલાલમાં ઓફિસમાં કર્મચારીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયત્ન કર્યો

**કઠલાલ**

કઠલાલ મા આવેલ મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારી દ્વારા અગમ્ય કારણોસર વીજ ઓફિસમાં જ ઝેરી દવા પી આત્મહત્યાની કોશિશ કરેલ જેઓને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવેલ છે, વીજ કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા રાજેશ એલ સો. પરમાર અને વીજ ઈજનેર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી કામ બાબતે રકઝક થતી હતી અને આજે પણ આ કામથી જ અણ બનાવ બનતા તેઓએ ઓફિસમાં જ દવા લીધી હતી. આ અંગે કઠલાલ પોલીસ દ્વારા જાણવા જોગ ફરિયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ચેક રીટર્નના ગુનામાં નડિયાદ SRP પોલીસ કોન્સ્ટેબલને એક વર્ષની કેદ

**નડિયાદ**

નડિયાદ એસઆરપી ખાતે પોલીસ કોન્સ્ટેબલે નડિયાદના એક ફાઈનાન્સર પાસેથી રૂ.૨.૮૦ લાખ ટુકડે ટુકડે લીધા હતા. જે અંગે પોલીસ કોન્સ્ટેબલે આપેલ ચેક રીટર્ન થતાં ફાયનાન્સરે નડિયાદ કોર્ટમાં પોલીસ કોન્સ્ટેબલ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

જે અંગેનો કેસ નડિયાદની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે પોલીસ કોન્સ્ટેબલને એક વર્ષની સાદી કેદ તથા વળતર પેટે ચેકની રકમ રૂ.૨.૮૦ લાખ ત્રીસ દિવસમાં ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. જો ૩૦ દિવસમાં વળતરની રકમ ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ તાલુકાના મહોળેલ ગામના વિઠ્ઠલભાઈ લાલજીભાઈ ચાવડા નડિયાદ એસઆરપી ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરે છે. તેઓએ સને ૨૦૧૩- ૨૦૧૪ માં નડિયાદ મિલ્લતનગર ખાતે રહેતા અને ફાઈનાન્સ તથા ખેતીનો ધંધો કરતા મોહમ્મદ ઈકબાલ નજીરહુસેન શેખ પાસેથી ટુકડે ટુકડે રૂ.૨.૮૦ લાખ લીધા હતા. દરમિયાન મોહમ્મદ ઈકબાલે વિઠ્ઠલભાઈ પાસે આપેલ નાણાંની માંગણી કરતા વિઠ્ઠલભાઈએ તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજનો બેંક ઓફ બરોડા સ્ટેશન રોડ મેઈન બ્રાન્ચનો ચેક નં.૦૦૦૦૧૬ નો આપ્યો હતો. જે ચેક બેંકમાં રજૂ કરતા અપૂરતા બેલેન્સને કારણે ચેક રિટર્ન થયો હતો.

# ઠાસરાના માસરા ગામમાં રોગચાળો ફેલાયો: ઘરે ઘરે માંદગીના ખાટલા ખડકાયા

**નડિયાદ**

ઠાસરાના માસરા ગામમાં છેલ્લા ઘણા દિવસથી ભેદી રોગચાળો ફાટી નીકળ્યો છે. ઘરે ઘરે બીમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. આમ છતાં આરોગ્યતંત્રને ગામની મુલાકાત લેવાની ફુરસદ ન મળતાં ગ્રામજનોમાં ઉગ્ર રોષ વ્યાપ્યો છે. ઠાસરા તાલુકાના છેવાડે આવેલું માસરા ગામ આશરે ૫૦૦૦ની વસ્તી ધરાવે છે. માસરા ગામમાં છેલ્લા પંદરેક દિવસથી લોકો ભેદી બીમારીના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ગામમાં ઘરે ઘરે બીમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ગામમાં લોકો તાવ આવવો, ઠંડી લાગવી તેમજ સ્નાયુના દુખાવાથી પીડાઈ રહ્યા છે. ચિકનગુનીયા જેવી ભેદી બીમારીથી પીડાતા લોકો ફફડી ઉઠયાં છે. ગામમાં બીમાર દર્દીઓને સારવાર ન મળતાં નાછૂટકે લોકો ઉમરેઠ ખાનગી દવાખાનામાં મોંઘી સારવાર લઈ રહ્યા છે.



# આણંદમાં ખેતરમાં કરંટથી આધેડનું મોત થયાનું ખૂલ્યું, 6 સામે ફરિયાદ

## પાક બચાવવા તાર ફ્રેન્સિંગમાં વીજ પ્રવાહ શરૂ કર્યો, કોઇને ખબર ન પડે તે માટે લાશને તલાવડી પાસે મુકી દેવાઇ હતી

**આણંદ**

આણંદ તાલુકાના ઓડ-સારસા રોડ ઉપર આવેલ એક ફેક્ટરી નજીકના ખેતરમાંથી ત્રણ દિવસ પૂર્વે એક આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ કરાવતા આધેડનું વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યું હોવાનું ખુલવા પામ્યું હતું.

જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરતા ખેતર માલિકે પાક બચાવવા માટે ફેન્સીંગ તારમાં પસાર કરેલ ઝાટકા કરંટથી આધેડનું મૃત્યુ થયું હોવાનું ખુલતા ખેતર માલિક સહિત છ શખ્સ વિરુધ્ધ મનુષ્યવધની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજથી ત્રણેક દિવસ પૂર્વે ઓડ-સારસા રોડ ઉપર આવેલ પોષક ફેક્ટરી નજીક એક ખેતરમાં અજાણ્યા આધેડનો મૃતદેહ મળી આવતા ખંભોળજ પોલીસે મૃતદેહનો કબજો મેળવી અપમૃત્યુનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. જેનું પેનલ ડોક્ટરો દ્વારા પીએમ કરાતા વીજ કરંટ લાગવાથી આધેડનું મૃત્યુ થયું હોવાનું ખુલવા પામ્યું હતું. જેથી પોલીસે શંકા આધારે તપાસ હાથ ધરતા ખેતર માલીકોએ પાક બચાવવા સારુ ફેન્સીંગ તાર પર કરંટ પસાર કર્યો હોવાનું ખુલ્યું હતું અને ખેતરમાં રહેતા પપ્પુભાઈ મકવાણાએ તારની વાડ પાસે કોઈ અજાણ્યો મૃત્યુ પામ્યો હોવાનું ખેતર માલિક સુમીશભાઈને જણાવતા સુમીશભાઈએ પોતાના ઓળખીતા અરવિંદભાઈ ગોવિંદભાઈ રોહિત, રમેશ ઝવેર ઠાકોર, દિનેશ રામા પરમાર, પુંજા તેજા રાવળ અને પપ્પુ પુજા ઉર્ફે તેજા રાવળની મદદ લઈ મૃતદેહને નજીકની તલાવડી પાસે મુકાવી દીધો હોવાની કબુલાત કરતા પોલીસે તમામ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને SCમાંથી જામીન મળ્યા

**મહેસાણા**

દૂધસાગર ડેરીના 750 કરોડના કથિત કૌભાંડમાં ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીના સુપ્રીમ કોર્ટે બિનશરતી જામીન મંજુર કર્યાં છે. વિપુલ ચૌધરીની ધરપકડ થતા સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચૌધરી સમાજમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યો હતો. તેમના વકીલે સુપ્રીમ કોર્ટમાં કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી ત્યાર બાદ જામીન અંગેની સુનાવણી ટળી ગઈ હતી. આજે ફરીવાર સુનાવણી હાથ ધરાતાં કોર્ટે બિનશરતી જામીન મંજુર કર્યા હતાં. દૂધસાગર ડેરીના ચેરમેન તરીકેના 2005થી 2016 સુધીના કાર્યકાળ દરમ્યાન વિપુલ ચૌધરીએ પોતાની સત્તાનો દૂરપયોગ કરીને ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા વિના દૂધ ઠંડુ રાખવાના મશીન, કોન્ટ્રાકટરો પાસેથી બીડ મંગાવ્યા વિના કોન્ટ્રાકટ આપવા, બારોબાર વર્ક ઓર્ડર આપવા સહિતના મામલે કરોડોની ગેરરીતિ અંગે એસીબી દ્વારા વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી.

# આણંદમાં જમીનની તકરારમાં કાકાની હત્યા કરનાર ભત્રીજાને આજીવન કેદ

આણંદ : ઉમરેઠ તાલુકાના સુરેલી તાબેના બાજીપુરા ગામની સીમમાં આશરે બે વર્ષ પૂર્વે કાકાની હત્યા કરવાના બનાવમાં ભત્રીજાને આણંદની કોર્ટે તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. જ્યારે અન્ય એક શખ્સને ધારીયુ મારી જીવલેણ ઈજા પહોંચાડવા બદલ સાત વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

તકરારમાં ગંભીર રીતે ઘવાયેલ છત્રસિંહ રાઠોડને તુરત જ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર તેઓનું કરૂણ મોત નિપજ્યું હતું. આ કેસ આણંદની ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા ફરીયાદી પક્ષે ઉપસ્થિત સરકારી વકીલની દલીલો તેમજ ચાલીસ દસ્તાવેજી પુરાવા અને સોળ વ્યક્તિઓની જુબાની બાદ ન્યાયાધીશે કનુભાઈ પ્રતાપભાઈ પરમારને હત્યાના ગુનામાં તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી હતી. જ્યારે હસમુખભાઈ શંકરભાઈ રાઠોડને સાત વર્ષની સખત કેદની સજાનો ચુકાદો સંભળાવ્યો હતો.

# વડોદરામાં ગંભીર બીમારીથી પીડાતા નિવૃત્ત પી.એસ.આઇ.નો આપઘાત

વડોદરા : વડોદરા પોલીસ તંત્રમાં ફરજ બજાવતા નિવૃત્ત થયેલા ૬૧ વર્ષના અવિનાશભાઈ ગણપતરાવ જાદવ હાલમાં માંજલપુરની શિવપુરી સોસાયટીમાં રહે છે. તેમના પત્ની એમ.એસ.યુનિવર્સિટીમાં ક્લાર્ક તરીકે નોકરી કરે છે. તેમણે ગુડ્ઝ ટ્રેન નીચે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. જે બાદ પોલીસે તેમના પરિવારનો સંપર્ક કરી નિવેદનો લેતા જાણવા મળ્યું હતું કે, અવિનાશભાઈ જાદવ છેલ્લા કેટલાક સમયથી ગંભીર બીમારીથી પીડાતા હતા અને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. બીમારીથી કંટાળીને તેમણે આપઘાત કરી લીધો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM
-----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM
----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM

NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મોરબી દુર્ઘટના મુદ્દે રાજ્ય સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું

## ઘટનામાં 135 લોકોના મોત થયા હતા, મૃતકોના પરિવારને 10 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને એક લાખનું વળતર ચૂકવવામાં આવશે

મોરબી

મોરબી ઝૂલતો પુલ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં રાજ્ય સરકાર વતી સોગંદનામું રજુ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા રજુ કરાયેલા સોગંદનામા પ્રમાણે આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને વળતર ચૂકવવા અંગેની વિગતો રજુ કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં મૃતકોને વધારાનું વળતર ચૂકવાશે. જેમાં 10 લાખ વળતર ચૂકવવામાં આવશે. જ્યારે ઈજાગ્રસ્ત થયેલા લોકોને એક લાખ રૂપિયા ચૂકવવામાં આવશે.

આ કેસની સુનાવણી દરમિયાન રાજ્યના તમામ બ્રિજની સ્થિતિનો સરવે કરીને રાજ્ય સરકારે એક રીપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો હતો. આ રીપોર્ટ રાજ્ય સરકારે રજૂ નહીં કરતાં કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. તે ઉપરાંત રાજ્યમાં ફરીવાર આવી કોઈ ગોઝારી દુર્ઘટના ના ઘટે તે માટેની તકેદારીઓને લઈને કોર્ટે અવલોકન કર્યું હતું. આ ઉપરાંત



મોરબી નગરપાલિકા તેમજ રાજ્ય સરકારના સોગંદનામામાં સામ્યતા નહીં હોવાથી કોર્ટે સરકાર પાસે ખુલાસો પણ માંગ્યો છે. મોરબી દુર્ઘટનામાં મૃતકોના પરિવારને સૌથી પહેલાં મુખ્યમંત્રી રાહત કોષમાંથી 4 લાખ, વડાપ્રધાન રીલિફ ફંડમાંથી બે લાખ ચૂકવાયા છે. આ ઉપરાંત વધુ ચાર લાખ રૂપિયા સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. એટલે કે કુલ 10 લાખ રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે.

## મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે, ઝુલતા પુલ દુર્ઘટના બાદ સરકારનો નિર્ણય

અમદાવાદઃ મોરબીમાં કેબલ બ્રિજ દુર્ઘટનામાં 135 જેટલા લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં નાના બાળકો, મહિલાઓના મોત થયા હતા. મોરબી પુલ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને હજુ સુધી ન્યાય મળ્યો નથી. ત્યારે હાઈકોર્ટમાં પણ આ મુદ્દે સુનાવણી ચાલી રહી છે. મોરબી નગર પાલિકા અને સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યું છે. આ વચ્ચે મોટા સમાચાર મળી રહ્યાં છે કે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે. મોરબી દુર્ઘટનામાં મોરબી નગર પાલિકાની નિષ્કાળજી સામે આવી હતી. આ પુલના રિનોવેશન બાદ તેની તપાસ કર્યા વગર શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી હતી. ત્યારબાદ બ્રિજ તૂટવાને કારણે 135 જેટલા લોકોના મોત થયા હતા. સમગ્ર ગુજરાત સહિત દેશમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. હવે માહિતી મળી રહી છે કે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે. મોરબી ઝુલતા પુલની દુર્ઘટનાને લઈને સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.

## અમરેલીમાં ભૂકંપના 4 આંચકા, ડિસે.માં ધરતીકંપોનું પ્રમાણ વધ્યું

રાજકોટ

ગુજરાતમાં ડિસેમ્બર માસમાં ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધરતીના પેટાળમાં હલચલ ખાસી વધી છે. અમરેલી પંથકમાં ગત રાત્રિના પોણા બારથી આજે બપોરના પોણા બે વાગ્યા સુધીમાં ભૂકંપના ઉપરાઉપરી ચાર હળવા આંચકા નોંધાયાનું સિસ્મોલોજીકલ સેન્ટરના સૂત્રોએ જણાવ્યું છે. તેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૩૨થી ૪૪ કિ.મી. દૂર દક્ષિણ અને ઉત્તર બન્ને દિશામાં નોંધાયું છે. તો બીજી તરફ કચ્છ,દક્ષિણ ગુજરાતમાં ભારે ધરતીકંપનું પ્રમાણ પણ ગત સપ્તાહથી ખાસ્સુ વધ્યું છે.

અમરેલીથી અહેવાલ પ્રમાણે સાવરકુંડલા તાલુકાના મિતિયાળા પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૨.૦ અને ૨.૨ નોંધાઈ છે અને તમામ આંચકા ધરતીની ઉપરી સપાટી પર ઉદભવ્યા હતા. પ્રાથમિક રીતે આ આંચકા ઉદભવવાનું કારણ ભૂગર્ભ જળસ્તરમાં ફેરફાર મનાય છે. છેલ્લા એક માસથી આવા આંચકા અનુભવાતા હોય લોકોમાં ગભરાટનો માહોલ છે અને લોકોએ વિડીયો વાયરલ કરીને ભૂકંપના ભયને દૂર કરવા તેની તપાસ કરીને લોકોને યોગ્ય માહિતી જારી કરાય તેવી માંગ કરાઈ છે.

## ભાજપ નેતા જયંતિ ભાનુશાલી હત્યા કેસના આરોપી જયંતી ઠક્કરની જામીન પર મુક્તિ

### માનવતાના ધોરણે આરોપીને સુવિધાયુક્ત હોસ્પિટલમાં સારવાર મળવી જોઈએ

ભુજ

કચ્છ સહિત ગુજરાતભરમાં ચકચાર મચાવનાર જયંતિ ભાનુશાલી હત્યા કેસના આરોપીઓ પૈકીના એક એવા જેન્તી ઠક્કરને ગુજરાત હાઈકોર્ટે નિયમિત જામીન પર મુક્ત કર્યા છે. વર્ષ- 2019માં અબડાસાના પૂર્વ ધારાસભ્ય જેન્તી ભાનુશાલીની ચાલતી ટ્રેનમાં ગોળી ધરબીને હત્યા કરી નાખવામાં આવી હતી. તા.7/1/2019ના રાત્રે સયાજીનગરી ટ્રેનમાં સામખીયાળી નજીક ભાનુશાલીની હત્યા થયા બાદ રેલવે પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે તપાસના અંતે તારીખ 11/4/2019ના જેન્તી ઠક્કરની ધરપકડ કરી હતી.

ચાર્જસીટ થયા બાદ જેન્તી ઠક્કરે નિયમિત જામીન માટે અરજી કરી હતી જેને ભચાઉ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ પણ જયંતિ ઠક્કરે ગુજરાત હાઈકોર્ટમાં જામીન મેળવવા અરજી કરેલી પરંતુ તેને પણ ગુજરાત હાઈકોર્ટે કાઢી નાખી હતી. ત્યારબાદ ફરી તા.9/1/2022ના જેન્તીએ પોતે કેન્સર પીડિત હોવાનું કહીને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નવેસરથી અરજી કરી હતી. જે અરજીની સુનાવણીમાં એક જજે ' નોટ બી ફોર મી' કહી ઈન્કાર કરતા ચીફ જસ્ટીસે અરજી જસ્ટીસ ઈલેશ વોરાની બેન્ચમાં રીફર કરી હતી.

ઓગસ્ટ- 2021માં હૃદય રોગને લઈને જેન્તીની અમદાવાદની સીમ્સ હોસ્પીટલમાં એન્જિયોપ્લાસ્ટી થયેલી તે સમયે જેન્તીને ગળા અને કરોડજ્જુમાં કેન્સર હોવાનું નિદાન થયુ હતુ. જ્યાં કેન્સર અંગે સારવાર અપાઈ હતી.

## USAમાં અભ્યાસ અર્થે જનારા માટે દિલ્હી ખાતે એમ્બેસીની વ્યવસ્થા આશીર્વાદરૂપ

### યુનિ.ના મરીન સાયન્સ અને ગણિત ભવનના ઉપક્રમે વિશેષ સેમિનાર યોજાયો

ભાવનગર

એમ.કે. ભાવનગર યુનિવર્સિટીના સાઈન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને અમેરીકામાં આગળ અભ્યાસ માટેનું સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તેવા આશય સાથે અમેરીકાનાં દુતાવાસથી શૈક્ષણિક વિભાગનાં અધ્યક્ષ સાથે સેમીનાર યોજાયો હતો.

ભારતનાં અમેરિકા સ્થિત દુતાવાસથી શૈક્ષણિક વિભાગનાં અધ્યક્ષ ડો.ઉર્વીશ મહેતા કેલીફોર્નીયાથી અત્રે આવ્યા અને મરીન સાયન્સ ભવન તથા ગણિત ભવન દ્વારા યોજાયેલ સંયુક્ત કાર્યક્રમ સંદર્ભે એક દિવસીય સેમિનારમાં મુખ્યવક્તા તરીકે તેઓએ ૨ કલાક સુધી વિદ્યાર્થીઓ સાથે વિચારગોષ્ઠી કરી હતી. અમેરીકામાં આગળ અભ્યાસ માટે કેવા પ્રકારનાં કોર્ષીઝ, વિષયો, સ્કોલરશીપ આગળ અભ્યાસ માટે કેવા પ્રકારનું પૂર્વ આયોજન વગેરે બાબતોને આવરી લઈ મનનીય પ્રવચન આપ્યું હતું. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા આયોજીત આવા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી મહત્તમ પ્રશ્નોત્તરી કરી પોતાની કારકિર્દી બનાવવા માટે આવા કાર્યક્રમો અને તેમાંથી મળતી માહિતીનો મહત્તમ ઉપયોગ કરવા આહવાન કરાયું હતું. જેમાં ૧૫૦૦૦ થી ૪૫૦૦૦ ડોલર સુધીની સ્કોલરશીપનો સ્કોપ હોવાનું જણાય છે તો આવા અભ્યાસ માટે એજન્ટો પણ સરળતાથી મળતા હોય છે તે અંગે માહિતી અપાઈ હતી.

## અમરેલીમાં ફરી લગ્ન કરનાર મહિલાને તાલીબાની સજા, પિલર સાથે બાંધી મારી

અમરેલી

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં સમાજ પર લાંછન લગાડતી ઘટના સામે આવી છે. બાબરા તાલુકાના ગળકોટડી ગામમાં રહેલી એક મહિલાએ પોતાના પતિના મૃત્યુ બાદ બીજા લગ્ન કર્યાં હતા. પરંતુ મહિલાના બીજા લગ્ન તેના પહેલા પતિના પરિવારજનોને ન ગમતા મહિલાને ઢોર માર માર્યો હતો. મહિલાને પીલર સાથે બાંધીને લાકડી વડે ફટકારવામાં આવી હતી. મહિલાને અપાતી આ તાલીબાની સજાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. પ્રાપ્ત વિગત અનુસાર બાબરા તાલુકાના ગળકોટડી ગામમાં એક મહિલાના પતિનું ચાર વર્ષ પહેલા મૃત્યુ થયું હતું. ત્યારબાદ આ મહિલાએ અન્ય પુરુષ સાથે કોર્ટમાં લગ્ન કર્યા હતા. આ મહિલા ગઈકાલે ગળકોટડી ગામમાં પહોંચ્યા હતા. ત્યારે પૂર્વ પતિના પરિવારજનોએ મળીને આ મહિલાને માર માર્યો હતો. મહિલાને પીલર સાથે બાંધીને લાકડી વડે ફટકારવામાં આવી હતી. આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. વીડિયો પ્રમાણે એક મહિલાને બે મહિલાઓ પીલરમાં હાથ પકડીને ઉભી રાખે છે.

## ભુજમાં હમીરસર તળાવ પાસે ટીખળખોરોએ ગાંધીજીની પ્રતિમા સાથે ચેડાં કર્યા

ભુજ

ભુજમાં હમીરસર તળાવ પાસે આવેલી રાષ્ટ્રપિતા ગાંધીજીની પ્રતિમાને વધુ એકવાર ટીખળખોરોએ નુકશાન પહોંચાડીને સરાજાહેર અપમાનિત કરી છે. સોમવારે રાત્રે કોઈ અસામાજિક તત્વો બાપુની પ્રતિમાને કાળી ટોપી પહેરાવવા ઉપરાંત પ્રતિમા ઉપર કાળા કલરથી પપા એવો શબ્દ લખી ગયા છે. સવારે જ્યારે શહેરીજનો અહીંથી પસાર થયા ત્યારે આ બાબત ધ્યાને આવતા પાલિકાને જાણ કરી હતી. જે બાદ સુધરાઈના સત્તાધીશો દોડતા થયા હતા ને તત્કાલ કર્મચારીઓને મોકલીને પ્રતિમાની સફાઈ કરાવી હતી. આ ઘટનાની જાણ સોશિયલ મીડીયા મારફતે શહેરભરમાં થઈ જતાં જાગૃતોમાં ભારે રોષ ફેલાયો હતો.

## BSFના જવાનોએ હરામીનાળામાંથી પાક.ના 3 ઘૂષણખોરોને ઝડપી પાડ્યા

ભુજ

કચ્છનો દરિયા કિનારેથી પાકિસ્તાની માછીમારોની અવરજવર વધી રહી છે. ત્યારે બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ કચ્છના હરામીનાળા વિસ્તારમાંથી ત્રણ પાકિસ્તાની માછીમારોને ઝડપી પાડ્યાં છે. તે ઉપરાંત આ વિસ્તારમાં હજી પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. આ છેલ્લા બે મહિનામાં બીજો બનાવ છે. જેમાં પાકિસ્તાનથી આવેલા માછીમારો કચ્છના હરામીનાળા વિસ્તારમાંથી ઝડપાયા હોય. ઓક્ટોબરના બીજા સપ્તાહમાં પણ બે પાકિસ્તાની માછીમારોને બીએસએફ દ્વારા ઝડપી લેવામાં આવ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રવિવારે હરામીનાળા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા બીએસએફના જવાનોએ પાકિસ્તાની ઘૂષણખોરોની માહિતી મળતાં જ તેમણે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં BSFના જવાનોએ એક માછીમારી બોટ સાથે ત્રણ પાકિસ્તાની ઘૂસણખોરોને ઝડપી પાડ્યા હતાં.ઓક્ટોબરના બીજા સપ્તાહમાં બીએસએફના જવાનોએ પાકિસ્તાનીઓને શોધવા સર્ચઓપરેશન હાથ ધર્યું હતું. ત્યાર બાદ બે પાકિસ્તાની ઘૂષણખોરો ઝડપાયા હતાં.

## કોંગ્રેસના દિગ્ગજ નેતા-MLA અર્જુન મોઢવાડિયાના પિતાનું 96 વર્ષની વયે અવસાન

પોરબંદર

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાના પિતા દેવાભાઈનું ૧૬ વર્ષની વયે નિધન થયું હતું. તેમના નિધનને લઈને પોરબંદર પંથકમાં ખાસ કરીને તેમના વતન મોઢવાડામાં શોકનો માહોલ હતો. મોઢવાડામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. બુધવારે બપોરે મોઢવાડાથી જ તેમની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અર્જુન મોઢવાડિયાએ આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં પોરબંદરથી ઝંપલાવ્યું હતું. તેમની સામે ભાજપના બાબુ બોખિરિયા ચૂંટણી લડતા હતાં. પરિણામના દિવસે અર્જુન મોઢવાડિયાની જીત થઈ હતી.



## હવેથી નવા ચહરાઓને લોન્ચ નહીં કરૂં

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા ચહેરાઓને ચમકાવવા માટે જાણીતા અભિનેતા કરણ જોહરે હવે પોતે કોઈ નવા ચહેરા લોન્ચ નહીં કરવાની જાહેરાત કરી છે. કરણના જણાવ્યા અનુસાર નવોદિતોની ફિલ્મો ચાલતી નથી અને તેના પ્રચાર-માર્કેટિંગનો ખર્ચો બહુ જ મોંઘો પડે છે. લગભગ તમામ મોટા સ્ટાર્સના સંતાનોને કરણ જોહરની ફિલ્મથી લોન્ચ કરવામાં આવે છે. તેના લીધે કરણ જોહર પર સગાંવાદના આક્ષેપો પણ થાય છે. જોકે, તાજેતરમાં કરણે એક ડિબેટમાં જણાવ્યું હતું કે પોતે હવે નવા ચહેરા લોન્ચ નહીં કરે. સાવ નવાસવા કલાકારોને જોવા કોઈ આવતું નથી. આવી ફિલ્મોને ચલાવવા માટે માર્કેટિંગ અને પબ્લિસિટીના કરોડો રુપિયા ખર્ચવા પડે છે.

# સ્વદેશ

## અમુક ડિરેક્ટરોનું ફક્ત નામ જ કાફી હોય છે : પૂજા હેગડે



મુંબઈ: પૂજા હેગડે હિન્દી ફિલ્મોદ્યોગમાં જેટલી જાણીતી છે તેના કરતાં વધુ ખ્યાતિ દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છે. વાસ્તવમાં તેણે દક્ષિણ ભારતીય ફિલ્મોથી જ પોતાની અભિનયયાત્રા શરૂ કરી હતી. એની પહેલી હિન્દી ફિલ્મ એટલે આશુતોષ ગોવારીકરે ડિરેક્ટ કરેલી 'મોંહે જો દેરો' (૨૦૧૬), જેમાં હૃતિક રોશન એનો હીરો હતો. અતિ મહત્ત્વાકાંક્ષી ફિલ્મ, પણ તે ઊંધે મોંએ પછડાઈ! બોલિવુડમાં વાત જામી નહીં એટલે પૂજાએ પુનઃ દક્ષિણની ફિલ્મો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. દક્ષિણના કેટલાય મોટા-મોટા હીરો સાથે એણે જોડી જમાવી છે. ટૂંક સમયમાં એની જે હિન્દી ફિલ્મ આવવાની છે એણે ઓલરેડી તરંગો સર્જવાનું શરુ કરી દીધું છે. તે છે, ૨૦૨૨ની અંતિમ ફિલ્મ, રોહિત શેટ્ટીની 'સર્કસ'. રણવીર સિંહ ફિલ્મનો હીરો છે. સલમાન ખાનની 'કભી ઈદ કભી દિવાલી' (જેનું નામ બદલીને હવે સંભવતઃ 'કિસી કા ભાઈ કિસી કી જાન' થઈ ગયું છે)માં પણ પૂજા દેખાશે. પૂજાએ દક્ષિણમાં કરેલી ફિલ્મોનાં હવે હિન્દી રિમેક બની રહ્યાં છે. જેમ કે, 'પુષ્પા'ફેમ અલુ અર્જુન સાથે તેણે 'આલા વૈકુંઠપુરમુલુ' નામની ફિલ્મ કરી હતી, જે હવે હિન્દીમાં બનશે. તેમાં કાર્તિક આર્યન અને કૃતિ સેનનની જોડી જોવા મળશે. પૂજા કહે છે, 'હું ઈચ્છું છું કે હિન્દી વર્ઝન પણ સફળ થાય અને આ જોડીને પણ ઓડિયન્સ ખૂબ પસંદ કરે. બાકી મારા માટે આ ફિલ્મ એકદમ ખાસ છે. અમે કોઈક મોજીલી મૂવી બનાવવા ઈચ્છતા હતાં. ડિરેક્ટરે મને તેની સ્ટોરી સંભળાવી ત્યારે હું હસી હસીને બેસી ગઈ હતી. મને તો કલ્પના પણ નહોતી કે આ ફિલ્મને આટલી મોટી સફળતા મળશે. મને આ ફિલ્મ માટે ઘણા અવોર્ડઝ મળ્યા છે.'

આટલું કહીને પૂજા ઉમેરે છે, 'કેટલાક દિગ્દર્શકો એવા હોય છે કે તેમની ફિલ્મની ઓફર આવે ત્યારે સ્ક્રિપ્ટ-બ્રિપ્ટ જાણવાની દરકાર પણ ન કરવાની હોય. આવા સર્જકોમાં રાજકુમાર હીરાણી, સંજય લીલા ભણશાળી, એસ.એસ. રાજામૌલી અને રોહિત શેટ્ટીનાં નામ ગણાવી શકાય. રોહિત શેટ્ટીએ મને 'સર્કસ'ની ઓફર આપી ત્યારે મેં એ જાણવાનો પ્રયાસ સુધ્ધાં નહોતો કર્યો કે સ્ટોરી શું છે. તેમણે મને પછીથી કહ્યું હતું કે ફિલ્મનો હીરો રણવીર સિંહ છે. અરે, મારા પપ્પા રોહિત શેટ્ટીના બહુ મોટા ફેન છે. તેથી હું લાંબા સમયથી તેમની સાથે કામ કરવા ઈચ્છતી હતી. 'સર્કસ'માં મને તેમની સાથે કામ કરવાની તક મળી ગઈ. આ ફિલ્મ પણ એમની અગાઉની ફિલ્મની માફક હિટ જવી જોઈએ.'

## પઠાન વિવાદ પર શાહરૂખે આપી પોતાની પ્રથમ પ્રતિક્રિયા, કહ્યું દુનિયા કંઈ પણ કરી લે પરંતુ હું...

કલકત્તા: આજથી શરુ થયેલા ૨૮માં કોલકત્તા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં શાહરુખ ખાને હાજરી આપી હતી અને તેમને જોઈને ફેન્સમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આગામી ૨૫ જાન્યુઆરીએ તેમની ફિલ્મ 'પઠાન' રિલીઝ થવાની છે. થોડા દિવસ પહેલા ફિલ્મ પઠાનનું એક સોન્ગ રિલીઝ થયું હતું અને તે રિલીઝ થયા બાદ સોશ્યલ મીડિયા પર ઘણું ટ્રોલ થયું હતું અને ફિલ્મને બોયકોટ કરવાની નેગેટિવ વાતો પણ જયારે સોશ્યલ મીડિયા પર ચાલી રહી છે ત્યારે આજે કોલકત્તા ઈન્ટરનૅશનલ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારંભમાં પઠાન વિવાદ પર શાહરૂખે આપી પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી હતી... તેમણે આ વિવાદ પર જવાબ આપતા કહ્યું હતું કે, "દુનિયા ગમે તે બોલે પણ હજુ તમે, હું આપણે સૌ પોઝિટિવ છીએ"

## ફિલ્મ 'પઠાન' ની રિલીઝ પહેલા શાહરુખ ખાને માતા વૈષ્ણો દેવીના ચરણોમાં શીશ ઝૂકાવ્યુ



બોલીવુડના કિંગ શાહરુખ ખાન કામની સાથે ભગવાનને યાદ કરવાનું ક્યારેય ભૂલતા નથી. મક્કામાં ઉમરાહ કર્યા બાદ શાહરુખે હવે માતા વૈષ્ણો દેવીના દરબારમાં દર્શન કર્યા. શાહરુખના આ અંદાજે તેમના ચાહકોના દિલ જીતી લીધા છે. બોલીવુડ સુપરસ્ટાર શાહરુખ ખાનની ફિલ્મ પઠાન આગામી મહિને જાન્યુઆરીમાં રિલીઝ થઈ રહી છે. દરમિયાન તેઓ પોતાની ફિલ્મની સફળતા માટે પ્રાર્થના કરી રહ્યા છે. કિંગ ખાન કટરામાં માતા વૈષ્ણો દેવીના મંદિર પહોંચ્યા હતા. તેમણે માતા વૈષ્ણો દેવીના દરબારમાં શીશ ઝૂકાવીને પ્રાર્થના કરી હતી. શાહરુખ ખાને પોતાના અન્ય સાથીઓની સાથે માતા વૈષ્ણો દેવીના દરબારમાં પૂજા અર્ચના કરી હતી.

## કોલકાતા ફિલ્મ ફેસ્ટિવલમાં બચ્ચને કહ્યું, આજે અભિવ્યક્તિની આઝાદી પર સવાલો ઉઠાવાય છે



કોલકાતા: કોલકાતા ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન પ્રસંગે બોલિવૂડની અનેક હસ્તીઓ ઉપસ્થિત રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ અમિતાભ બચ્ચનને ભારત રત્ન આપવાની માંગ કરી છે. ત્યારે અમિતાભ બચ્ચન આમતો રાજકીય વિવાદોથી ખૂબજ દૂર રહેનારુ વ્યક્તિત્વ છે. તેમણે આજે આ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્ઘાટન પ્રસંગે નાગરિક સ્વતંત્રતા અને અભિવ્યક્તિની આઝાદી જેવા રાજકીય રૂપે સંવેદનશીલ મુદ્દા પર તેમણે ટીપ્પણી કરી હતી. અમિતાભ બચ્ચને કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં દીપ પ્રાગટ્ય કરીને ફિલ્મ ફેસ્ટીવલની શરૂઆત કરાવી હતી.

તેમણે કહ્યું હતું કે, આજે પણ નાગરીકોની સ્વતંત્રતા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યાં છે. બ્રિટિશ સેન્સરશીપ, હેરેસમેન્ટ કરવા વાળાઓ સામે આઝાદી પહેલાંની ફિલ્મો, સાંપ્રદાયિકતા અને સામાજિક એકતા પર વિસ્તાર સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે આ મંચ પર મારા સહયોગી આ વાતે સહમત હશે કે આજે પણ નાગરીક સ્વતંત્રતા અને અભિવ્યક્તિની આઝાદી પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યાં છે.

## 'દ્રશ્યમ-2'ની સફળતાએ આત્મવિશ્વાસ વધાર્યો છે



૨૦૧૫માં દ્રશ્યમમાં અંજુ સાલગાંવકરની ભૂમિકાથી લાઈમ લાઈટમાં આવેલી ઈશિતા દત્તા શેઠ સાત વર્ષ પછી એ જ પાત્ર અજય દેવગણ અને શ્રિયા શરણ સાથે દ્રશ્યમ ૨માં ભૂમિકા ભજવી રહી છે. અભિષેક પાઠક દિગ્દર્શિત ૧૮ નવેમ્બરે રજૂ થયેલા દ્રશ્યમ ૨માં તબુ અને અક્ષય ખન્ના પણ છે.

ઈશિતા કહે છે મેં ક્યારે પણ અંજુના પાત્રને વિસારે પાડયું નથી કારણ કે દર ૨જી ઓક્ટોબરે મારા મિત્રો મને પાવભાજી અને સત્સંગ વિશે યાદ અપાવતા. હું તો એ પાત્ર ભૂલી ગઈ હોત પણ લોકો ૨જી ઓક્ટોબરથી ૩જી ઓક્ટોબર સુધી મારા પર એટલો પ્રેમ વરસાવતા કે આજે સાત વર્ષ પછી પણ હું એ ભૂલી નથી શકી. મને આશા છે કે હવે દ્રશ્યમ ૨ પછી ફરી સાત વર્ષ લોકો મને આ પાત્રની યાદ અપાવશે. ઈશિતાના મતે દ્રશ્યમ ૨માં વિજય અને તેના પરિવારના જીવનમાં સાત વર્ષ પછી શું બની રહ્યું છે તે દર્શાવવામાં આવ્યું હોવાથી પાત્રો અને કલાકારોની વયમાં પણ વૃદ્ધિ દર્શાવાઈ છે. ઉપરાંત કલાકારોએ આ તમામ વર્ષો દરમ્યાન ૨જી અને ૩જી ઓક્ટોબરના શું બન્યું હતું તે પણ યાદ રાખવાનું હતું. દ્રશ્યમ 2ની સફળતાએ મારો આત્મવિશ્વાસ વધારી દીધો છે.









Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### ભારતની તમામ લિપિઓની જન્મધાત્રી બ્રાહ્મી લિપિમાં લખાયા અનેક શિલાલેખો

# ભારતના ઐતિહાસિક તથ્યોને સમજાવતી બ્રાહ્મી લિપિ

ઓફબીટ
ધવલ શુક્લ

બ્રાહ્મી લિપિને જાણ્યા વિના ભારતનો પ્રાચીન ઈતિહાસ જાણવો લગભગ અસંભવિત છે. બ્રાહ્મી લિપિને સમજ્યા વિના સમ્રાટ અશોક કે તેના શિલાલેખોનો પરિચય પણ થઈ શકે નહીં. સમ્રાટ અશોકે ક્યાંય શિલાલેખોમાં પોતાનું નામ લખ્યું નથી. તેણે પોતાના માટે “હવાના ષિયો પષિયટ્થી સગા” એવો ઉલ્લેખ કર્યો છે. આપ્રિયદર્શી રાજા કોણ હતો ? આ સવાલનો જવાબ શ્રીલંકામાં મળ્યો હતો. શ્રીલંકામાં ઈ.સ.૧૮૩૨ - ૩૪ દરમિયાન મહાવંશ નામના બૌદ્ધશાસ્ત્રનો અનુવાદ થયો. આ શાસ્ત્રમાં સમ્રાટ અશોક ઉપરાંત ધર્મસખા, બિંદુસાર અને ચંદ્રગુપ્ત મૌર્ય જેવા મહાપુરુષના નામ નોંધાયા છે. આ શાસ્ત્રની પ્રાપ્તિ બાદ જ નિશ્ચિત થયુ કે, ભારતમાં મળેલા શિલાલેખોમાં જેનો ઉલ્લેખ પ્રિયદર્શી રાજા તરીકે થયો છે તે અશોક જ છે.

જો બ્રાહ્મી લિપિના અભ્યાસમાં પ્રવીણતા હાંસલ થઈ જાય તો અનેક ઐતિહાસિક તથ્યોને સરળતાથી સમજી અને જાણી શકાય તેમ છે. ઈ.સ. ૧૪૮૪માં વિલિયમ જોન્સ અને ચાર્લ્સ વિલ્કિમે રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. આજ સમયગાળામાં (ઈ.સ. ૧૪૮૯ - ૧૮૦૦) વિલિયમ ચાર્લ્સ કાલિદાસના શાકુતલનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. ત્યાર બાદ મનુસ્મૃતિ, ભગવદ્ ગીતા આદિ ગ્રંથોના પણ વિવિધ ભાષામાં અનુવાદો થતા રહ્યા. આ ગ્રંથોના અભ્યાસ દ્વારા તેઓ જાણવા માગતા હતા કે, ભારતની સંસ્કૃતિનાં મૂળ ક્યાં છે ? આ સંસ્કૃતિનાં મૂળ સમજ્યા વિના આદેશ ઉપર રાજ કરવું શક્ય નહોતું. ભારતના પ્રાચીન ઈતિહાસને સમજવા માટે તેમણે બ્રાહ્મી લિપિનો અભ્યાસ કર્યો. આજે તો સમ્રાટ અશોકના શિલાલેખોમાં જોવા મળતી બ્રાહ્મીલિપિનો પરિચય ભાગ્યે જ કોઈને હશે. પરંતુ આજથી આઠ-દશ દાયકા પહેલાં સૌકોઈ તેનાથી પરિચિત હતા.

જેમ્સ પ્રિંસેપ નામના વિદ્વાને આ લિપિ જોયા પછી કહ્યું કે “આ લેખની ભાષા સંસ્કૃત નથી પણ પ્રાકૃત છે.” તેનું કારણ એ જાણતો હતો કે સંસ્કૃતમાં જોડાક્ષરો હોય છે પણ પ્રાકૃતમાં નથી હોતા. આ પૂર્વધારણા સાથે તેણે બ્રાહ્મી લિપિને પ્રાકૃત ભાષા સાથે જોડીને અભ્યાસ કર્યો તો તે બ્રાહ્મી લિપિમાં લખાયેલા શિલાલેખો ઉકેલી શક્યો. કુશાન કાળમાં ભારતમાં સંસ્કૃત લેખનની શરૂઆત થઈ. તે પૂર્વે સંસ્કૃત ભાષા શ્રવણના રૂપમાં જ પ્રચલિત હતી. અશોકના કાળમાં શિલાલેખોમાં સંસ્કૃતનો ઉપયોગ કરવામાં આવતો નહોતો. કુશાન કાળના વિદ્વાનો બ્રાહ્મી



લિપિને પરિષ્કૃત કરીને તેમાં સંસ્કૃત લખતા રહ્યા. વૈદિક મત પ્રમાણે બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ બ્રહ્માના મુખમાંથી થઈ હતી. આધુનિક સંશોધનકારોના મતે બ્રાહ્મી લિપિનું કોઈ એક મૂળ દેખાતું નથી. અંગ્રેજોએ બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ વિશે અનેક થિયરી રજૂ કરીને તે ભારત બહારથી આવી છે એવું સાબિત કરવા પ્રયત્નો કર્યા હતા. ઈ.સ. પૂ.૫૦૦થી ઈ.સ. ૪૫૦ સુધી બ્રાહ્મી લિપિનાં પ્રત્યક્ષ પ્રમાણ મળે છે. વર્તમાનકાળમાં બ્રાહ્મી લિપિમાં લખાયેલો સૌથી જૂનો લેખ ૨,૫૦૦ વર્ષ જૂનો છે, જે બસ્તિ જનપદના પીપરવા ગામ (હાલ પાકિસ્તાન)ના સ્તૂપમાં મળે છે. ઈ.સ. પૂ.૩૦૦માં ૨,૩૦૦ વર્ષ પહેલાં સમ્રાટ અશોક થઈ ગયો, જેના અનેક શિલાલેખો બ્રાહ્મી લિપિમાં મળે છે.

ચૌદમી સદીમાં ફિરોજ શાહ તુઘલખ (ઈ.સ. ૧૩૫૧ - ૮૮) તથા અકબરના સમયમાં (ઈ.સ. ૧૫૫૬ - ૧૬૦૫) બ્રાહ્મી લિપિ વાંચી શકે તેવો એક પણ વિદ્વાન નહોતો. ભારતમાં શાસન કરી રહેલા અંગ્રેજોએ બ્રાહ્મી લિપિને ઉકેલવા મથામણ કરી. ઈ.સ.૧૪૫૫માં સર ચાર્લ્સ મેલેટે ઈલોરાની ગુફાઓમાંથી મળી આવેલા કેટલાક બ્રાહ્મી લિપિના લેખોની છાપ તૈયાર કરીને સર વિલિયમ જોન્સને મોકલી આપી. તેણે તે વિલ્ફોર્ડને મોકલી આપી , પણ તે બ્રાહ્મી લિપિમાં લખાયેલા લેખો ઉકેલી શક્યો નહીં. ટોમ કોરિયટ નામના પ્રવાસીએ દિલ્હીમાં એક પ્રાચીન સ્તંભ ઉપર અશોકનો લેખ જોયો. પછી તેણે એલ. વ્હીટકરને પત્રમાં જણાવ્યું, “આ દેશના દિલ્હી શહેરમાં હું ગયો. ત્યાં મહાન સિકંદરે ભારતના રાજા પોરસ ઉપરના પોતાના વિજયની સ્મૃતિમાં એક મોટો વિજયસ્તંભ ઊભો કર્યો છે.” આ કારણે યુરોપથી આવતાં પ્રવાસીઓ એમ જ માનવા લાગ્યાં કે, આ લેખ ગ્રીક ભાષામાં લખાયેલો છે.

ઈ.સ.૧૮૩૪-૩૫માં જેમ્સ પ્રિન્સેપે અલાહાબાદ, રઢિયા તથા મહિયા પાસે આવેલા સ્તંભો ઉપરના લેખોની છાપ મગાવી અને તેને દિલ્હીના લેખ સાથે સરખાવી જોયા. આ ચારેયની સરખામણી કરતાં તેને ખ્યાલ આવ્યો કે, ચારેયમાં એક જ શબ્દો વપરાયેલા હતા. એટલે કે તે ભાષા એક જ અને ફેલાયેલી હતી.

આથી તેણે ભારે મહેનત કરીને અલાહાબાદના લેખના અક્ષરોનો અભ્યાસ કર્યો તો તેને ખ્યાલ આવ્યો કે ગુપ્ત લિપિની જેમ ત્યાં પણ કેટલાક અક્ષરોની સાથે જોડાયેલા સ્વરોને સૂચવતાં ચિહ્નો હતાં. તેણે તે બધું એકત્ર કરીને પ્રકાશિત કર્યું ત્યારે તે ગ્રીક લખાણ હોવાની માન્યતા નાબૂદ થઈ. ઈ.સ.૧૮૩૭માં સાંચીના સ્તૂપ સાથે સંબદ્ધ સ્તંભો વગેરે ઉપર કોતરેલાં કેટલાંય લખાણોની છાપો એકત્ર કરીને પ્રિન્સેપે સંશોધનો ચાલુ રાખ્યાં. પરિણામે દિલ્હી, અલાહાબાદ, રાંચી, મઠિયા, રટઢિયા, ગિરનાર, ધૌલિ વગેરેમાંથી મળેલા લેખો સરળતાથી વાંચી શકાયા. આથી નક્કી થયું કે તે લેખોની ભાષા સંસ્કૃત નહીં પણ પ્રાકૃત હતી.

**વૈદિક મત પ્રમાણે બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ બ્રહ્માના મુખમાંથી થઇ હતી, જેમ્સ પ્રિંસેપ નામના વિદ્વાને અશોકના સમયના લેખો જોઇ તારણ કાઢ્યુ કે, આ લેખની ભાષા સંસ્કૃત નથી પણ પ્રાકૃત છે**

બ્રાહ્મી લિપિમાં સંપૂર્ણ વિકસિત વર્ણમાલા છે. તે એક વૈજ્ઞાનિક લિપિ છે. કારણ કે તે જેવી રીતે બોલાય છે તેવી રીતે જ લખાય પણ છે. તેમાં સ્વરો અને વ્યંજનોની સંખ્યા નિશ્ચિત છે. બ્રાહ્મી લિપિ ઉકેલવા અંગ્રેજોની જેમ આપણા દેશના વિદ્વાનોએ પણ કવાયત કરી હતી. બ્રાહ્મી લિપિમાં લખાયેલા શિલાલેખોને ઉકેલવામાં જૂનાગઢના ભગવાનલાલ ઈંદ્રજીનું નામ મોખરે છે. તેમણે ઉકેલેલા શિલાલેખો, તેમનું મૂર્તિવિદ્યાનું જ્ઞાન અને તેમણે પ્રગટ કરેલાં લિપિ રહસ્યોએ ભારતના વેરવિખેર થઈ ગયેલા ઈતિહાસના અંકોડાઓ જોડી આપ્યા હતા. ભગવાનલાલના પિતા ઈંદ્રજી આયુર્વેદના જાણકાર વૈધ હતા. ભગવાનલાલનો જન્મ જૂનાગઢમાં થયો હતો.

ભગવાનલાલને શિલાલેખો અને ધાતુમાં કંડારવામાં આવેલા લેખો પ્રત્યે અદમ્ય આકર્ષણ હતું. કર્નલ વિલિયમ લેન્ગ ઈ.સ. ૧૮૪૫થી ૧૮૫૯ દરમિયાન કાઠિયાવાડના બ્રિટિશ પોલિટિકલ એજન્ટ હતા. તેઓ પુરતત્વમાં રસ ધરાવતા હતા. જૂનાગઢના નવાબ મહોબતખાને ઈ.સ. ૧૮૫૪માં એક સંસ્કૃત પાઠશાળા અને એક મદ્રેસા શરૂ કરી હતી. કર્નલ લેન્ગે નવી ખૂલેલી સંસ્કૃત પાઠશાળાને બ્રાહ્મી લિપિની વર્ણમાલાનો ચાર્ટ મોકલી આપ્યો હતો. ભગવાનલાલ પણ આ સંસ્કૃત પાઠશાળાના વિઘાર્થી હતા. તેમણે બ્રાહ્મી વર્ણમાલા આખી કંઠસ્થ કરી લીધી હતી. ભગવાનલાલે ૧૪ વર્ષની ઉંમરે ગિરનારની તળેટીમાં આવેલા શિલાલેખો ઉકેલવાનું શરૂ કર્યું.

તેમણે સૌ પ્રથમ રુદ્રદામાનો શિલાલેખ ઉકેલ્યો, ત્યાર પછી તેમણે અશોકના અને સ્કંદગુપ્તના શિલાલેખો પણ ઉકેલ્યા. વીસ વર્ષની ઉંમરે તો તેઓ પ્રાચીન અભિલેખોના કુશળ ઉકેલનાર બની ગયા હતા. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ બનતાં તેઓ ભગવાનલાલની પ્રતિભાથી વાકેફ થયા. તેમણે ભગવાનલાલની ભલામણ મુંબઈના જાણીતા પુરાતત્વવિદ્ ડૉ.ભાઉ દાજીને કરી. તેમણે ભગવાનલાલને ગિરનારના અભિલેખોની પ્રતિકૃતિ તૈયાર કરવાનું અને લિપ્યંતર કરવાનું કામ સોંપ્યું. ભગવાનલાલે પણ તે કામને સફળતાપૂર્વક પાર પાડ્યું. તે પછી ભાઉ દાજીએ તેમને મુંબઈ આવીને સંશોધનકાર્યમાં આગળ વધવાનું આમંત્રણ આપ્યું હતું.

# મેડીબેંક ડેટા લીક




મેડીબેંકે ગુરુવારે પુષ્ટિ કરી હતી કે વિનાશક સાયબર એટેક પાછળના હેકરની માંગણી ચૂકવવાનો ઈનકાર કર્યા પછી ડાર્ક વેબ પર તેની સિસ્ટમ્સમાંથી ચોરી કરેલા ડેટાનો બીજો ડમ્પ પોસ્ટ કર્યો છે. ઓસ્ટ્રેલિયન આરોગ્ય વીમા કંપનીએ જણાવ્યું હતું કે અમે ડેટાનું વિશ્લેષણ કરવાની પ્રક્રિયામાં છીએ. પરંતુ જાહેર કરાયેલ ડેટા હેક થયેલા ડેટા હોવાનું જણાય છે. અને અમે માનીએ છીએ કે હેકરે ચોરી કરી છે. હાલમાં એવી કોઈ માહિતી નથી કે નાણાકીય અથવા બેંકિંગ ડેટા લેવામાં આવ્યો છે. ચોરી થયેલ વ્યક્તિગત ડેટા અને નાણાકીય છેતરપિંડી સક્ષમ કરવા માટે પૂરતો નથી. આજે અમે જે કાચા ડેટાનું વિશ્લેષણ કર્યું છે તે અપૂર્ણ છે અને સમજવું મુશ્કેલ છે.

ઑક્ટોબર 2022 માં રેન્સમવેર એટેકને પગલે કંપનીએ તેના વર્તમાન અને ભૂતપૂર્વ ગ્રાહકોમાંથી લગભગ 9.7 મિલિયનનો વ્યક્તિગત ડેટા એક્સેસ કરવામાં આવ્યો હોવાનું સ્વીકાર્યાના લગભગ એક મહિના પછી લીક થયું છે.

આ હેકમાં 5.1 મિલિયન મેડીબેંક ગ્રાહકો, 2.8 મિલિયન ahm ગ્રાહકો અને 1.8 મિલિયન આંતરરાષ્ટ્રીય ગ્રાહકોનો સમાવેશ થાય છે. લગભગ 160,000 Medibank ગ્રાહકો, 300,000 ahm ગ્રાહકો અને 20,000 આંતરરાષ્ટ્રીય ગ્રાહકો માટે આરોગ્યના દાવાઓ પણ ઍક્સેસ કરવામાં આવ્યા હતા.

નવીનતમ ડેટાસેટ જે 6 ZIP આર્કાઈવ ફાઈલોના રૂપમાં અપલોડ કરવામાં આવ્યો છે. તેમાં આરોગ્ય દાવાની માહિતીનો સમાવેશ થાય છે. જોકે મેડીબેંકે નોંધ્યું છે કે મોટાભાગનો ડેટા ખંડિત છે અને તે ગ્રાહકના નામ અને સંપર્ક વિગતો સાથે જોડાયેલો નથી.

એટેકના ગુનેગારો રશિયામાં સ્થિત હોવાની અને REvil રેન્સમવેર જૂથ સાથે જોડાયેલા હોવાની શંકા છે. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ (AFP) કમિશનર રીસ કેર્શોએ ગયા મહિને જણાવ્યું હતું કે આ હેકર ગ્રુપ વિશ્વભરના દેશોમાં ભૂતકાળમાં થયેલા નોંધપાત્ર સાયબર એટેક માટે જવાબદાર છે.

આ ડેવલોપમેન્ટ ઑસ્ટ્રેલિયન ઈન્ફર્મેશન કમિશન (OAIC) ના કાર્યાલય સાથે પણ એકરુપ છે જે સુરક્ષા ઘટનાના સંબંધમાં મેડીબેંકની ડેટા હેન્ડલિંગ પ્રેક્ટિસની તપાસની જાહેરાત કરે છે. ટેલિકોમ જાયન્ટ Optus સાથે સમાન તપાસ પહેલેથી જ ચાલી રહી છે. જે સપ્ટેમ્બર 2022 ના અંતમાં ઉલ્લંઘનનો ભોગ બની હતી. તે નક્કી કરવા માટે કે કંપનીએ તેમની પાસે રાખેલી અંગત માહિતીને દુરુપયોગ, દખલ, નુકસાન, અનધિકૃત ઍક્સેસ, ફેરફાર અથવા જાહેરાતથી સુરક્ષિત કરવા માટે વાજબી પગલાં લીધાં છે કે કેમ?

સાયબર એટેક્સને અટકાવવા ઓસ્ટ્રેલિયન સરકારને નવો કાયદો પસાર કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા છે જેના પરિણામે કંપનીઓને પુનરાવર્તિત અથવા સેન્સીટીવ ડેટા લીક બદલ AU$50 મિલિયન સુધીનો દંડ થઈ શકે છે.

beinghumanmj

## શીર્ષક : સુખનું સરનામું
## કવયિત્રી : હિના મોદી

વરસોવરસથી -
ઓશિકાનાં કવરની અંદર,
ગાદલાંની નીચે.
કબાટોમાં, ડ્રોઅરોમાં;
અનાજનાં પીપમાં, ચા-ખાંડનાં ડબ્બામાં...
રસ્તાઓની આજુબાજુ,
જીવનનાં અંતરંગ વળાંકો પર ;
રાત્રીનાં અંધકારમાં,
દિવસનાં અજવાળામાં...
દરેક
શ્વાસ-ઉચ્છવાસમાં પણ...
કેમે કરી જડતી નથી
ડાબે હાથે ક્યાંક મુકાઈ ગયેલી દાબડી
આજે,
જ્યારે હું નિરાંતે-
જમણો હાથ હદયે મૂકી બેઠી
ત્યારે -
મને જડી ગઈ એ દાબડી
જેમાં હતું...
સુખનું સરનામું.

# અપનાવી જુઓ આ ઘરેલું ટીપ્સ

- ગરમ મસાલો ન હોય તો જીરું અને મરી વાટીને નાખવાથી શાક સ્વાદિષ્ટ થશે તેમજ સોડમ પણ વધશે.
- એક વાડકામાં સોડા ભરી રેફ્રિજરેટરમાં રાખવાથી ફ્રિજમાંથી ખાદ્યપદાર્થની દુર્ગંધ દૂર થશે.
- રસાદાર શાક કે દાળમાં મીઠાનું પ્રમાણ વધી ગયું હોય તો બ્રેડની બે-ત્રણ સ્લાઇસ નાખી દેવી. તે વધારાનું મીઠું શોષી લેશે.
- પિત્તળના વાસણ આમલીના પાણીથી સાફ કરવાથી વાસણ ચકચકિત થાય છે.
- નોનસ્ટિક વાસણ સરકાથી સાફ કરવાથી વાસણ સારા સાફ થાય છે.
- કાંદાને બરફના પાણીમાં ભીંજવી સમારવાથી કાંદાની તીખાશ ઓછી થાય છે.
- ટામેટાના સૂપમાં થોડો ફૂદીનો ભેળવવાથી સૂપ સ્વાદિષ્ટ થાય છે.
- ભટૂરાના લોટમાં કિનારી કાઢેલી બે બ્રેડની સ્લાઇસ તથા દહીં ભેળવી લોટ બાંધવાથી ભટૂરા સ્વાદિષ્ટ બનશે.
- પૂરી બનાવતી વખતે એક નાની ચમચી સાકર ભેળવવાથી પૂરી કરકરી બનશે.
- ખીરને ઘટ્ટ કરવા થોડી ખસખસ વાટીને નાખવી.
- ગરદનનું સૌંદર્ય નિખારવા ગરદન પર દસ મિનિટ સુધી પપૈયું રગડવું.
- લવિંગના ભૂકામાં લીંબુનો રસ ભેળવી દાંત પર ઘસવાથી દાંતના દુખાવામાં રાહત થાય છે. રેફ્રિજરેટરમાં લીંબુ કડક થઈ ગયા હોય તો તેને થોડીવાર નવસેકા પાણીમાં રાખવા.
- બેટરીના સેલ રેફ્રિજરેટરમાં રાખવાથી લાંબો સમય ચાલે છે.
- વારંવાર નખ બટકી જતા હોય તો નખ પર લીંબુ ઘસવાથી ફાયદો થશે.
- કચોરી અને સમોસા બનાવતી વખતે મેંદામાં એક ટેબલસ્પૂન વિનેગાર નાખવાથી ક્રિસ્પી બને છે.
- આમળાના પાવડરમાં તેલ ભેળવી મસાજ કરવાથી ખંજવાળથી રાહત મળે છે.
- જમીન પર તેલ, ઘી કે દૂધ ઢોળાઇ જાય તો પહેલા તેના પર સૂકો લોટ ભભરાવવો, પછી તેને અખબારથી લૂછવું જેથી ચિકાશ અને ડાઘ દૂર થઇ જશે.






# હજારો હરિભક્તોની હાજરીમાં PM મોદી અને મહંત સ્વામીના હસ્તે

# પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનો આરંભ

## આજે હું એક પ્રધાનમંત્રી તરીકે નહીં, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના પુત્ર તરીકે અહીં આવ્યો છું: નરેન્દ્ર મોદી







**અમદાવાદ**

પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના ઓગણજ સર્કલ પાસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બીએપીએસના છઠ્ઠા આધ્યાત્મિક ગુરૂ મહંત સ્વામી દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ નગરનું ઉદ્દઘાટન કરીને નગર પ્રજા સમક્ષ ખુલ્લુ મુકવામા આવ્યું હતુ. આ પ્રસંગે.તેમની સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહયા હતા. સમારોહમાં આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજે તે એક પ્રધાનમંત્રી તરીકે નહીં પરંતુ એક દીકરા તરીકે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલી આપવા આવ્યા છે. તેમણે પ્રમુખસ્વામી મહારાજ સાથેના અનેક સંસ્મરણો યાદ કર્યા હતા અને કહ્યું હતું કે આજે પણ તેઓ પ્રમુખસ્વામી મહારાજને ખૂબ જ યાદ કરે છે અને તેમની કમી અનુભવે છે. તેમણે સંબોધનમાં કહ્યું કે જ્યારે જ્યારે કોઈ મહત્વના નિર્ણયો લેવાના હોય ત્યારે તે પ્રમુખસ્વામી મહારાજને યાદ કરતા હતા અને તેમને ચોક્કસપણે મળતા હતા. પ્રધાનમંત્રી એ કહ્યું કે તેમની મુલાકાત દરમિયાન એક સાહજિકતા રહેતી હતી. મહંત સ્વામી મહારાજે કહ્યું હતું કે ગુરુ હરી પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ઋણ ચૂકવવાનો આ અનેરો અવસર છે અને જ્યારે ખુદ પ્રધાનમંત્રી એક પુત્ર તરીકે આવતા હોય તે જ બતાવે છે કે પ્રમુખસ્વામી મહારાજ સર્વે જીવો માટે એક સાચા સંત અને માર્ગદર્શક છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે બીજીવાર સત્તા સંભાળ્યા બાદ તેમની આ પ્રથમ જાહેર સભા છે અને તે ધન્યતા અનુભવે છે કે પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દીની સાથે તેમની સરકારની શરૂઆત થઈ છે.

## સંતો-સેવકોએ મુખ્ય આકર્ષણ સંત પ્રવેશદ્વાર જાતે તૈયાર કર્યો



અમદાવાદ : અમદાવાદમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર તૈયાર કરાયું છે. નગર માટે કુલ સાત પ્રવેશદ્વાર બનાવાયા હતા. જેમાં મુખ્ય પ્રવેશદ્વાર એટલે સંત પ્રવેશદ્વાર. આ પ્રવેશદ્વારને બનાવવા માટે એક વર્ષની મહેનત લાગી છે. સંત પ્રવેશદ્વાર કુલ 380 ફુટ લંબાઇ અને 35 ફુટ પહોળો તથા 51 ફુટ ઉંચો છે. સંત પ્રવેશદ્વાર પર કુલ 14 સંતોની 28 પ્રતિમાનું સ્થાપન કર્યુ છે.

## પ્રમુખસ્વામી મહોત્સવનું 100થી વધુ દેશોમાં જીવંત પ્રસારણ કરાયું



પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ની ઉજવણી કરોડો લોકો નિહાળી શકે તે માટે બીએપીએસ દ્વારા 100 થી વધુ દેશોમાં પ્રમુખ સ્વામી મહારાજ નગર ના ઉદઘાટન સમારોહનું જીવંત પ્રસારણ વિવિધ સોશિયલ મીડિયા દ્વારા કરાયું હતું. જેમાં સુરત, મુંબઈ અને રાજકોટ માં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ ખાતે આજથી શરૂ થતો શતાબ્દી મહોત્સવ છેલ્લો છે.

## પ્રમુખસ્વામી જન્મજયંતી અવસરે નાયગ્રા ફોલ્સમાં લાઈટિંગ કરાઈ



નાયગ્રા : 7 ડિસેમ્બરના રોજ પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીના અવસરે ભારત સહિત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. કેનેડા અને અમેરિકાની સરહદે આવેલા નાયગ્રા ધોધને સફેદ અને કેસરી રંગની લાઈટોથી પ્રકાશિત કરી નાયગ્રા પાર્કસ કમિશન અને નાયગ્રા ફોલ્સ એલ્યુમિનેશન બોર્ડ દ્વારા પ્રમુખસ્વામી મહારાજને સ્મરાંજલી પાઠવાઈ હતી. માત્ર ભારતમાં જ નહીં, સ્વામિનારાયણ સંપ્રદાયને અનુસરતા લોકો અનેક દેશોમાં વસે છે. જેથી અનેક દેશોમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો સ્થપાયા છે.

## બાળકો માટે ખાસ પ્રકારનું બાળનગર પણ બનાવવામાં આવ્યું



સ્વામી નારાયણ સંસ્થાન (BAPS)ના વડા સ્વામી નારાયણ સ્વરૂપદાસજીની જન્મશતાબ્દી નિમિત્તે બુધવારે અમદાવાદમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ મહોત્સવમાં બાળકો માટે પણ ખાસ બાળ નગરી, લાઈટ એન્ડ સાઉન્ડ શો, ગ્લો ગાર્ડન, દિલ્લી અક્ષરધામની આબેહૂબ પ્રતિકૃતિ મુખ્ય આકર્ષણ છે. એક મહિના સુધી ચાલનારા આ કાર્યક્રમ માટે અમદાવાદની અંદર આખું શહેર (સ્વામિનારાયણનગર) વસાવવામાં આવ્યું છે. પ્રમુખ સ્વામી નારાયણ સ્વરૂપદાસજીનો જન્મ 1921માં થયો હતો. તેમનો જન્મ શતાબ્દી સમારોહ 15 ડિસેમ્બર 2022થી 15 જાન્યુઆરી 2023 સુધી ચાલશે.

## 10 કિલોમીટર સુધીના વિસ્તારમાં સ્વયસેવકોએ ટ્રાફિકનું સંચાલન કર્યું



અમદાવાદ-પ્રમુખ સ્વામી મહારાજ નગરમાં સ્વયંસેવકો સાથે 2 લાખથી વધારે લોકોની ઉપસ્થિતિ હતી. આ સમયે 700થી પોલીસ સ્ટાફની જરૂર પડે તેમ હોય છે. ત્યારે બીએપીએસના 1000થી વધારે સ્વય સેવકોએ પ્રમુખ સ્વામી નગર આસપાસ તમામ રસ્તા પર સતત 12 કલાક સુધી સેવા આપીને ટ્રાફિકનું અભૂતપૂર્વ સંચાલન કર્યું હતું. જેના કારણે પોલીસ પર કામનું ભારણ ઘટ્યું હતું. પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની આ ઉજવણી અમદાવાદ ખાતે થઈ રહી છે ત્યારે આ ભવ્ય ઉજવણીનો સંકલ્પ મહંત સ્વામી મહારાજે કર્યો હતો.

# પ્રમુખસ્વામીએ આધ્યત્મિકતા અને રાષ્ટ્ર વિકાસનો સેતુ જોડી ઉપકાર કર્યો છે: શાહ

### - ઉધોગપતિઓની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય માનવ ઉત્કર્ષ સંમેલનનો શુભારંભ કરાયો

અમદાવાદ - પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રમુખસ્વામી મહારાજ નગરનેં મુલાકાતીઓ માટે ખોલવામાં આવ્યું છે. જેમાં અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો પણ શરૂ થયા છે. જે અનુસંધાનમાં ગુરુવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા દેશના અગ્રણી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય માનવ ઉત્કર્ષ સંમેલનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં આધ્યાત્મિકતા સાથે દેશના આર્થિક વિકાસની દિશા વધુ ઝડપી બનાવવા અંગે પણ વિમર્શ કરાયો હતો.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને બીએપીએસના વડા મહંતસ્વામીની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય માનવ ઉત્કર્ષ સંમેલનનો શુંભારભ કરાયો હતો. આ પ્રસંગે અમિત શાહે સંબોધન કરતા કહ્યું હતું કે આ નગર એક મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે એક સક્સેસ સ્ટોરી પ્રોજેક્ટ તરીકે ઉપયોગી બનશે. પ્રમુખસ્વામી મહારાજે એક ઉર્જા સાથે ભારતની આધ્યાત્મિકતાને નવી દિશા આપી છે. લાખો લોકોને વ્યસન મુક્ત બનાવવાની સાથે તેમણે આધ્યાત્મિકતા અને વિજ્ઞાનને જોડયું છે. યોગાનુંયોગ દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે જ પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો છે. જે અનોખો સંયોંગ છે. સાથેસાથે તેમણે પ્રમુખસ્વામી સાથેના તેમના સંસ્મરણો યાદ કર્યા હતા અને નગરની મુલાકાત લઈને અનુભવેલી ધન્યતા અંગે પણ ઉલ્લેખ કર્યો હતો.

# CM ભૂપેન્દ્ર પટેલ તેમજ 16 મંત્રીઓએ લીધા શપથ

## વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ તથા ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડાએ શપથવિધીમાં હાજરીમાં આપી

**અમદાવાદ**

સોમવારે ગાંધીનગરમાં વિધાનસભા પાછળ હેલિપેડ ગ્રાઉન્ડમાં નવી સરકારની શપથવિધી યોજાઈ હતી, નવી સરકારમાં 8 ધારાસભ્યોને કેબિનેટ મંત્રી, 2 ધારાસભ્યોને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હાવાલો જ્યારે 6 ધારાસભ્યોને રાજ્યકક્ષાના મંત્રી બનાવાયા હતા. કેબિનેટ મંત્રીમાં પારડીના કનુભાઈ દેસાઈ, વિસનગરના ઋષિકેશ પટેલ, જામનગરના રાઘવજી પટેલ, સિદ્ધપુરના બળવંતસિંહ રાજપૂત, જસદણના કુંવરજી બાવળિયા તથા ખંભાળિયા મુળુભાઈ બેરા અને મહીસાગર સંતરામપુરના કુબેરભાઈ ડિંડોર, રાજકોટ ગ્રામ્ય ભાનુબેન બાબરિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલાના મંત્રીમાં સુરત, મજુરા હર્ષ સંઘવી, નિકોલ જગદીશ વિશ્વકર્મા, ભાવનગર ગ્રામ્ય પરષોત્તમ સોલંકી, દાહોદ, દેવગઢબારીયા બચુભાઈ ખાબડ, સુરત, ઓલપાડના મુકેશ પટેલ, સુરત, કામરેજના પ્રફૂલ્લ પાનસેરિયા, જ્યારે મોડાસાના ભીખુસિંહ પરમાર તથા સુરત માંડવીના કુંવરજી હળપતિને રાજ્યકક્ષાના મંત્રી બનાવાયા છે.

### મંત્રીઓની કરમ કુંડળી અનેક સામે ગુના નોંધાયા છે

સરકારના મંત્રીઓમાં 16 એટલે કે 94 ટકા કરોડપતિ મિનિસ્ટર્સ છે. સરકારના 17 મંત્રીમાંથી 4 મંત્રી એટલે કે 24% મિનિસ્ટર્સ સામે ગુના દાખલ થયેલા છે. આ મંત્રીઓમાં હર્ષ સંઘવી, પરષોત્તમ સોલંકી, રાઘવજી પટેલ અને ઋષિકેશ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે ગંભીર ગુના ધરાવતા મંત્રી 1 છે એટલે કે 6% છે.

### ગત સરકારના કયા કયા મંત્રીઓનું પત્તુ કપાયું

**ગત ટર્મમાં ભૂપેન્દ્ર પટેલ સરકારના 17 મંત્રીઓને આ વખતે કેબિનેટ કે રાજ્યકક્ષામાં સ્થાન મળ્યું નથી. જેમાં શિક્ષણમંત્રી જીતુ વાઘાણી, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, માર્ગ-મકાન વિભાગના મંત્રી પૂર્ણેશ મોદી, વન પર્યાવરણ,ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી કિરીટસિંહ રાણા, મહિલા મંત્રીઓમાં મનિષા વકિલ અને નિમિષા સુથાર સહિત ગજેન્દ્રસિંહ પરમાર, વિનુ મોરડિયા અને દેવા માલમનું આ વખતના મંત્રી મંડળમાં પત્તુ કપાયું છે.**

### ગુજરાતમાં 19મીએ ધારાસભ્યોના શપથનો કાર્યક્રમ

**અમદાવાદઃ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ધારાસભ્યો 19મી ડિસેમ્બરે શપથ લેશે. ત્યાર બાદ 20મી ડિસેમ્બરે વિધાનસભાના નવા અધ્યક્ષની વરણી કરવામાં આવશે. વિધાનસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે જાહેર થયેલા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે. 19 અને 20 ડિસેમ્બરે ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર રહેશે. વિધાનસભામાં તેમની શપથ વિધીનું આયોજન કરવામાં આવ્યું છે.**

## કોંગ્રેસમાં ઘમાસાણ, રઘુ દેસાઈએ હાર માટે પ્રદેશ પ્રમુખ ઠાકોરને જવાબદાર ગણાવ્યા

**અમદાવાદ**

રાધનપુરથી હારેલા રઘુ દેસાઈએ પોતાની હાર માટે પક્ષના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરને જવાબદાર ગણાવ્યા છે. આ માટે તેમણે કેન્દ્રીય નેતૃત્વને પણ ફરિયાદ કરી છે. છેલ્લા ઘણા સમયથી પોતાનું અસ્તિત્વ બચાવવા સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસને વિધાનસભાની ચૂંટણીમાં મોટો ફટકો પડ્યો છે. માત્ર 17 બેઠકો સાથે કોંગ્રેસે તેનું અત્યાર સુધીનું સૌથી કંગાળ પ્રદર્શન કર્યું છે. તેમનો આક્ષેપ છે કે જગદીશ ઠાકોરે તેમને હરાવવાના હેતુસર ચોક્કસ કામગીરી કરી હતી. રઘુ દેસાઈએ સમગ્ર રાજ્યમાં કોંગ્રેસની હાર માટે પણ જગદીશ ઠાકોરને જવાબદાર ગણાવ્યા છે. આ માટે તેમણે કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વને ફરિયાદ પણ કરી છે. તો આ તરફ જગદીશ ઠાકોરે રઘુ દેસાઈના આક્ષેપોને ફગાવી દીધા છે,

## ચૂંટણી પૂર્ણ થતાં જ ગુજરાતમાં 25 ફાર્મસી કોલેજને કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી અપાઈ

**અમદાવાદ**

કેન્દ્ર સરકારે ગુજરાતમાં મળેલી ભવ્ય જીત બાદ રાજ્યને 25 નવી ફાર્મસી કોલેજોને મંજુરી આપી દીધી છે. આ કોલેજોને મંજુરી મળતાં જ વિદ્યાર્થીઓને ફાયદો થયો છે. અગાઉ ફાર્મસીના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં અભ્યાસ અર્થે જવું પડતું હતું. પરંતુ 25 કોલેજોને મંજુરી મળતાં જ 1400થી વધુ વિદ્યાર્થીઓ હવે ગુજરાતમાં જ ભણી શકશે. ગુજરાતમાં 25 નવી ફાર્મસી કોલેજોની મંજુરી મળતાં જ 18 કોલેજોમાં બેચલર ઓફ ફાર્મસી તથા 7 કોલેજોમાં ડિપ્લોમા ફાર્મસીની બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બેચલર ઓફ ફાર્મસીની એક હજાર કરતાં વધારે તેમજ ડિપ્લોમામાં 400 જેટલી બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે.

# કબૂતરબાજીના નેટવર્કનો માસ્ટરમાઈન્ડ બોબી ઝબ્બે, પોલીસને 94 શંકાસ્પદ પાસપોર્ટ મળ્યા

### બોબી પટેલ અમદાવાદના મનપસંદ જીમખાનાના જુગારના ગુનામાં નાસતો ફરતો હતો

**અમદાવાદ**

ગુજરાતમાં કબૂતરબાજીના નેટવર્કનો માસ્ટર માઈન્ડ ભરત ઉર્ફે બોબી પટેલ પોલીસના હસ્તે ઝડપાઈ ગયો છે. અમેરિકા જેવા દેશોમાં ગેરકાયદે ઘૂસણખોરી કરાવવાનું ઈન્ટરનેશન નેટવર્ક ચલાવતા અને ત્રણ ગુનામાં ફરાર બોબી પટેલને સ્ટેટ મોનીટરીંગ સેલે ગાંધીનગરમાંથી ઝડપી પાડ્યો છે. તેની ઓફિસમાંથી પોલીસે 94 જેટલા શંકાસ્પદ પાસપોર્ટ કબજે કર્યા છે. બોબી સામે ગાંધીનગર, દિલ્હી, કલકત્તા અને મુંબઈમાં બોગસ પાસપોર્ટ બનાવવાના ગુનાઓ નોંધાયેલા છે. તેની સામે અમદાવાદના મનપસંદ જીમખાનાના જુગારના ગુનામાં નાસતો ફરતો હતો.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બોબી પટેલ ગાંધીનગર ખાતે આવ્યો હોવાની ચોક્ક્સ બાતમી મળી હતી. આ બાતમીના આધારે SMCની ટીમે ગાંધીનગરથી બોબી પટેલની અટકાયત કરી હતી. આરોપી વિરૂધ્ધ 2022માં અમદાવાદ શહેર ડી.સી.બી. પોલીસ મથક તથા સી.આઈ.ડી. ક્રાઈમ ઉપરાંત ગાંધીનગરમાં બોગસ પાસપોર્ટ બનાવવા અંગેના ગુનાઓ નોંધાયા છે. નાસતા ફરતો આરોપી ભરત ઉર્ફે બોબી રામાભાઈ પટેલને SMC દ્વારા અટક કરવામાં આવેલ છે.આરોપી દ્વારા નાગરિકોને લાલચ આપી ગેરકાયદેસર રીતે વિદેશ મોકલવા (કબૂતરબાજી) નુ આંતરરાષ્ટ્રીય રેકેટ ચલાવતો હતો. -આરોપી વિરૂદ્ધ કબૂતર બાજીના ગુનાઓ દાખલ થયા છે.

## ભાજપના કિર્તીસિંહ વાઘેલાએ હારનું ઠીકરું કાર્યકર્તાઓ પર ફોડ્યું

**બનાસકાંઠા**

બનાસકાંઠાની કાંકરેજ બેઠક પરથી હારી ગયેલા ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાએ પણ ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં તેમણે પોતાની હારનું ટોપલું પક્ષના જ કેટલાક કાર્યકરો પર ઢોળ્યું. કેટલાક કાર્યકરો પર તેમણે કોંગ્રેસ માટે કામ કરવાનો આક્ષેપ કર્યો. સાથે જ તેમની આવી હરકતો ચલાવી નહીં લેવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. કિર્તીસિંહે આ વખતે હારનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસના ઉમેદવાર અમૃતજી ઠાકોરે વાઘેલાએ 5200 મતોથી મ્હાત આપી છે.

## ચિદમ્બરમ બોલ્યા- કોંગ્રેસ જીતી શકતી હતી તો કેમ હારી ગઈ?

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ખુબ જ ખરાબ રીતે હાર થઈ છે. કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે 'મરેલી' કોંગ્રેસમાં પ્રાણ પુરવાની કોશિશ કરતા હોય તેમ સલાહ આપી છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીીના હારમાંથી કોંગ્રેસે બોધપાઠ લેવો જોઈએ. એટલું જ નહીં, સખત લડાઈની ચૂંટણીમાં મૌન ઝુંબેશ જેવી કોઈ વસ્તુ નથી. ગુજરાતમાં ભાજપ સત્તામાં હતા. તેમ છતાં HP, MCD એમ ત્રણમાંથી બે ચૂંટણીમાં હાર સાથે તેમને 'મોટો આંચકો' લાગ્યો છે.

## સાદરાના યુવકે પાણીના પ્રશ્ને કલેક્ટરાલયમાં દવા ગટગટાવી

**મહેમદાવાદ**

મહેમદાવાદ તાલુકાના સાદરા ગામમાં દિલીપભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮) પોતાના પરિવાર સાથે રહે છે. તેઓનું ગામની સીમમાં ખેતર આવેલું છે. આ ખેતરમાં ખેતી કરવા માટે સિંચાઈનું પાણી લઈ જવા બાબતે આજુબાજુના ખેડૂતો સાથે માથાકૂટ થઈ હતી. જેના કારણે તે પોતાના ખેતરમાં સિંચાઈનું પાણી લઈ જઈ શકતો ન હતો. આથી દિલીપભાઈ સોમવારે ઢળતી સાંજે નડિયાદ કલેકટર કચેરીએ આવ્યા હતા. જ્યાં તેઓએ કચેરીના પટાંગણમાં પાકમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વર્લ્ડ બેન્ક દ્વારા આયોજિત સ્ટડી ટુરમાં ભાગ લેવા મ્યુનિ.ના છ અધિકારીઓ જાપાન જશે

**અમદાવાદઃ** અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર સહિત છ અધિકારીઓ વર્લ્ડ બેન્ક દ્વારા જાપાન ખાતે આગામી મહિને ૧૬ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન યોજાનાર સ્ટડી ટુરમા ભાગ લેવા જશે.ગુજરાત રેસીલીયન્ટ સીટીઝ પાર્ટનર્શીપ હેઠળ અમદાવાદ રેસીલીયન્ટ પ્રોજેક્ટ માટે વિશ્વબેન્ક તરફથી શહેરમા નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા, હયાત એસ.ટી.પીને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની ગાઈડલાઈન પ્રમાણે અપગ્રેડ કરવા,માઈક્રો ચનલીંગ પધ્ધતિથી સ્ટ્રોમ વોટર તથા ડ્રેનેજ લાઈન નાંખવા તથા જુની ડ્રેનેજ લાઈનના રીહેબીલીટેશનની કામગીરી માટે ત્રણ હજાર કરોડની લોન મળનાર છે.

### સરદાર પટેલ એરપોર્ટ પ્રવાસીઓમાં મોખરે ! VIPની અવરજવરમાં સર્જ્યો વિક્રમ

**અમદાવાદઃ** અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે નોન-શિડ્યુલ ફ્લાઈટ્સ અને VIPsની અવરજવરમાં વિક્રમ સર્જ્યો છે. એરપોર્ટે ગત મહિનામાં 1164 નોન-શિડ્યુલ મૂવમેન્ટ ઓપરેટ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે જ્યારે એક જ દિવસમાં 32000 પેસેન્જર્સે મુસાફરી કર્યાનો આંક વટાવ્યો છે. SVPI એરપોર્ટ વધારેલી અસંખ્ય માળખાકીય સુવિધાઓને કારણે ટ્રાફિકમાં વધારા સાથે પસંદગીનું એરપોર્ટ બન્યુ છે. છેલ્લા 1 મહિનામાં એક જ દિવસમાં સૌથી વધુ 58 મૂવમેન્ટ સાથે 1100 થી વધુ નોન-શિડ્યુલ ફ્લાઇટસની મૂવમેન્ટ થઈ છે. 10 નવેમ્બરથી 10 ડિસેમ્બર સુધીના સમયગાળામાં SVPI એરપોર્ટે 1164 નોન-શિડ્યુલ ફ્લાઇટ્સનો રેકોર્ડ કર્યો છે જેમાં અનેક VIP ફ્લાઇટ્સનો પણ સમાવેશ થાય છે..

### કોંગ્રેસની હાર પાછળ AAPની મોટી ભૂમિકા

**જયપુર-** રાજસ્થાનના મુખ્યમંત્રીએ અશોક ગેહલોતે ગુજરાતમાં કોંગ્રેસની હારને લઈને ઘણા કારણો આપ્યા હતા. તેમણે કોંગ્રેસની હાર પાછળ કેજરીવાલ અને PM મોદી દ્વારા ગુજરાતમાં કરાયેલી સતત સભા-રેલીઓનું કારણ જણાવ્યું હતું. તો તેમણે હાર પાછળ ઈલેક્ટોરલ બોન્ડ પણ બહુ મોટું સ્કેન્ડલ હોવાનું કારણ જણાવ્યું હતું. ગેહલોતે કહ્યું કે, કોંગ્રેસની હાર પાછળ આમ આદમી પાર્ટી (AAP)ની મોટી ભૂમિકા છે. આ લોકો જ્યાં જાય છે, ત્યાં ખોટું બોલે છે. અમને અરવિંદ કેજરીવાલે ખુબ નુકસાન કરાવ્યું છે. એક તરફ ભાજપને નાણાં મળે છે, તો કોંગ્રેસને દાન આપનારાઓને ડરાવવામાં આવે છે.

### અમદાવાદમાં 70 દિવસમાં 31.20 લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી, 5.02 કરોડની આવક

**અમદાવાદઃ** વડાપ્રધાન મોદીએ ગુજરાતમાં અમદાવાદની લાઈફલાઈન સમાન મેટ્રો ટ્રેનનું 30મી સપ્ટેમ્બરે લોકાર્પણ કર્યું હતું. આજે શહેરમાં મેટ્રોની સુવિધા શરૂ થયાના 70 દિવસમાં જ 31.20 લાખ મુસાફરોએ મુસાફરી કરી છે. જેના કારણે મેટ્રો રેલ કોર્પોરેશનને 70 દિવસમાં જ 5 કરોડથી વધુની આવક થવા પામી છે. વસ્ત્રાલ ગામથી થલતેજલ સુધીના ઈસ્ટ-વેસ્ટ કોરિડોર પર મુસાફરી કરનારા લોકોએ મેટ્રોનો સૌથી વધુ લાભ લીધો છે. બીજી તરફ APMCથી મોટેરા રૂટ પર નોર્થ-સાઉથ કોરિડોરમાં 8.42 લાખ પેસેન્જરે મુસાફરી કરી છે.

### ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીની પસંદગી, જેઠા ભરવાડ ઉપાધ્યક્ષ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત તરફથી વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના નામ નક્કી કરવામા આવ્યા છે. જેમાં અધ્યક્ષ તરીકે શંકર ચૌધરી- થરાદ તથા ઉપાધ્યક્ષ તરીકે જેઠા ભરવાડ (શહેરા)ના નામ પર મંજૂરીની મહોર વાગી છે. શંકર ચૌધરી બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક પરથી ચૂંટાયા હતા. જયારે જેઠા ભરવાડ પંચમહાલની શહેરા બેઠકના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

# આસામમાં એમ્બ્યુલન્સમાં 39 કરોડનું, દિલ્હી રેવ પાર્ટીમાંથી રૂ. 28 કરોડનું ડ્રગ્સ ઝડપાયું

**નવી દિલ્હી**

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે વહેલી સવારે કરીમગંજ જિલ્લામાં એમ્બ્યુલન્સ અને અન્ય વાહનમાંથી 39 કરોડ રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. સંયુક્ત પોલીસ કમિશનર પાર્થ સારથી મહંતે જણાવ્યું હતું કે આસામ પોલીસની ટીમે ખાનગી બાતમીના આધારે મણિપુરની એક એમ્બ્યુલન્સને હેંગરાબારી વિસ્તારમાં અટકાવી હતી. વાહનની સઘન તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન યાબાની 50 હજાર ગોળીઓ અને 200 ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું. જેની



કિંમત 14.1 કરોડ રૂપિયા હશે.

બીજી તરફ નવી દિલ્હીમાં પોલીસે નવા વર્ષ પહેલા રેવ પાર્ટીમાં ઉપયોગમાં થવાનું ડ્રગ્સ કબજે કર્યું છે. પોલીસને મલાના ક્રીમ નામની પાર્ટી ડ્રગ્સ મળી આવી છે. તેનું સેવન દિલ્હી, ગુરુગ્રામ અને નોઈડામાં થવાનું હતું. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે હિમાચલ પ્રદેશના કુલ્લુથી 28 કરોડ રૂપિયાની કિંમતનું 30 કિલો A ગ્રેડ હશીશ ડ્રગ્સ રિકવર કર્યું છે. પંજાબના રહેવાસી રાજેશ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલની NDR ટીમને ગુપ્ત માહિતી મળી હતી કે હિમાચલના કુલ્લુથી ડ્રગ્સનો મોટો કન્સાઈનમેન્ટ દિલ્હી લાવવામાં આવી રહ્યો છે. આ પછી ડીસીપી પ્રમોદ સિંહ કુશવાહાએ એસીપી લલિત મોહન નેગીના નેતૃત્વમાં એક ટીમ બનાવી અને તેને ડ્રગ કાર્ટેલનો પર્દાફાશ કરવાની જવાબદારી સોંપી હતી.

# જોધપુર સિલિન્ડર બ્લાસ્ટ કેસઃ વધુ 5 ઘાયલોએ દમ તોડ્યો, મૃતકઆંક 23

## મૃતકોની સંખ્યામાં સતત વધારો થવાને લીધે સામાજિક સ્તરે વિશેષ આર્થિક પેકેજ આપવાની માંગણી કરાઈ

**જોધપુર**

રાજસ્થાનના જોધપુર જિલ્લાના શેરગઢ વિસ્તારમાં લગ્ન સમારોહમાં જોધપુર ગેસ સિલિન્ડર બ્લાસ્ટ કેસમાં મંગળવારે વધુ પાંચ ઘાયલોએ દમ તોડી દીધો હતો. આ સાથે જ આ કેસમાં મૃતક આંક 23 પર પહોંચી ગયો છે. હજુ પણ અનેક ઈજાગ્રસ્તો જીવન-મરણ વચ્ચે ઝૂલી રહ્યા છે. મૃતકોમાં વરરાજાના માતા-પિતા અને 9 બાળકો સામેલ છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને જોધપુરમાં સારવાર આપવામાં આવી રહી છે. આ ઘટના ગત 8 ડિસેમ્બરે લગ્ન સમારોહ દરમિયાન બની હતી. તે સમયે પીડિત પરિવારના ઘરેથી જાન રવાના થવાની હતી તે સમયે ગેસ સિલિન્ડરમાં એક બાદ એક બ્લાસ્ટ થવા લાગ્યા હતા. જેના કારણે ત્યાં અફરા-તફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં 60થી વધુ લોકો દાઝી ગયા હતા. બાદમાં તમામ ઘાયલોને જોધપુર લાવવામાં આવ્યા હતા. જે બાદ 21 ઘાયલોના ત્યાં સારવાર દરમિયાન મોત થયા હતા.

# કેસીઆર ‘ભારત રાષ્ટ્ર સમિતિ’ના દિલ્હી કાર્યાલયનું ઉદઘાટન કરશે

**નવી દિલ્હી**

AAP પછી હવે તેલંગાણાની પ્રાદેશિક પાર્ટી ‘તેલંગાણા રાષ્ટ્ર સમિતિ’ (TRS) પણ રાષ્ટ્રીય રાજનીતિ તરફ આગળ વધી રહી છે. પાર્ટીને તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા તેનું નામ બદલીને ‘ભારત રાષ્ટ્ર સમિતિ’ (BRS) કરવાની મંજૂરી આપવામાં આવી છે. પાર્ટીના સ્થાપક અને તેલંગાણાની CM કે. ચંદ્રશેખર રાવ (KCR) આજે દિલ્હીમાં BRSની ઓફિસનું ઉદ્ઘાટન કરશે.

પાર્ટીનું નામ બદલ્યા બાદ KCRની આ પહેલી દિલ્હી મુલાકાત છે. રાષ્ટ્રીય કાર્યાલયના શુભારંભ બાદ KCR એક પ્રેસ કોન્ફરન્સને પણ સંબોધિત કરશે. ઓફિસના શુભારંભ બાદ વિશેષ પૂજા ‘યાગમ’ પણ કરવામાં આવશે. BRSની ઓફિસ દિલહીમાં સરદાર પટેલ માર્ગ પર ખોલવામાં આવી છે.

મળતી માહિતી મુજબ તેલંગાણાના માર્ગ અને મકાન બાંધકામ મંત્રી વેમુલા પ્રશાંત રેડ્ડી અને રાજ્યસભાના સભ્ય ડે સંતોષ કુમારે રવિવારના રોજ પાર્ટી કાર્યાલયના ઉદ્ઘાટન અને ‘યાગમ’ માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે જાણીતા વાસ્તુ નિષ્ણાંત સુદલ સુધાકર તેજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજીવ ગાંધી ફાઉન્ડેશન સહિતના 1811 એનજીઓના વિદેશી ફંડના લાઈસન્સ રદ

## ચીનની એમ્બેસી પાસેથી 1.35 કરોડ રૂ.નું ફંડ લીધુ હોવાથી લાઇસન્સ રદ કર્યું : અમિત શાહ

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા અનેક એનજીઓ પર તવાઈ બોલાવવામાં આવી છે. હાલમાં જ સરકાર દ્વારા જારી કરાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૮૧૧ એનજીઓના વિદેશથી ફંડ મેળવવાના લાઈસન્સને રદ કરી દેવામાં આવ્યા છે.

વિદેશથી ફંડ મેળવવા માટેનો જે કાયદો છે તેનો ભંગ કરવા બદલ આ લાઈસન્સ રદ કરવામાં આવ્યા હોવાની




સ્પષ્ટતા સરકાર દ્વારા આપવામાં આવી છે. રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે લોકસભામાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન ૧૮૧૧ એનજીઓના લાઈસન્સ ફોરેન કન્ટ્રિબ્યૂશન (રેગ્યુલેશન) એક્ટ ૨૦૧૦ હેઠળ રદ કરવામાં આવ્યા છે. આ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કોઈ સંસ્થાએ વિદેશથી ફંડ મેળવવું હોય તો તેણે આ કાયદા હેઠળ અલગથી વિદેશથી ફંડ મેળવવાનું લાઈસન્સ લેવાનું હોય છે. જેના ચોક્કસ નિયમો હોય છે, આ નિયમોનું પાલન ન કરાય તો તેના લાઈસન્સ રદ કરી દેવાની જોગવાઈ પણ કાયદામાં છે.

# અરૂણાચલમાં ચીન-ભારત વચ્ચે તંગદિલી આઈએએફ દરરોજ 2-3 ચક્કરો લગાવે છે

**નવી દિલ્હી**

ભારતીય વાયુસેના અરૂણાચલ પ્રદેશમાં રોજ બે થી ત્રણ એકટિવ કોમ્બેટ પેટ્રોલ (યુદ્ધ સક્રિય તેવી ચોકીદાર) કરી રહ્યું છે. વાયુ સેનાનાં વિમાનો રોજ બે થી ત્રણ ચક્કરો કાપી રહ્યા છે. આ માહિતી આપતાં વાયુ સેનાનાં સાધનો જણાવે છે કે ચીને એલએસીની તેની તરફે તેનાં એર ફોર્સની વધતિ જતી ગતિવિતિ હોવાથી અમારે માટે તેમ કરવું અનિવાર્ય થયું છે.



ગઈકાલે તા. ૧૨મી ડિસેમ્બરે ચીનની ત્રણ કંપનીઓ (૩૦૦ સૈનિકો) એ તવાંગ પાસે લાઈન ઓફ એકચ્યુઅલ કંટ્રોલ (એલ.એ.સી) ઓળંગવાનો પ્રયત્નો કર્યા હતા. પરંતુ આપણા જવાનોએ પ્રબળ અને નિશ્ચયાત્મક જવાબ આપતાં તેમને પાછા જવું પડયું હતું. તેમાં બંને પક્ષે ઓછી વત્તી ઈજાઓ થઈ હતી. પરંતુ પછીથી તુર્ત જ અથડામણ અટકી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે ૨૦૨૦ના જૂન મહિનામાં પૂર્વ લડાખની ગલવાન વેલીમાં ભારત-ચીન વચ્ચે સંઘર્ષ થયો હતો. જેમાં ચીનના ૪૦ સૈનિકો માર્યા ગયા હતા. જયારે ભારત પક્ષે ૨૦ સૈનિકો વીર ગતિ પામ્યા હતા. બે વર્ષથી પણ વધુ સમયે બંને દેશો વચ્ચે આટલી ગંભીર અથડામણ થઈ હતી.

# મમતાના મેઘાલય પ્રવાસ વખતે TMC નેતા સહિત ચાર ધારાસભ્ય ભાજપમાં

## મેઘાલય રાજ્યમાં મોટી રાજકીય ઊથલપાથલ સર્જાઇ

**સિલોંગ**

પૂર્વોત્તરના રાજ્ય મેઘાલયમાં મોટી રાજકીય ઊથલપાથલ સર્જાઇ છે. રાજ્યના તૃણમૂલ કોંગ્રેસના વિધાનસભ્ય એચ.એમ.સાંગપલિયાંગ સહિત સત્તાધારી ગઠબંધનના કુલ ચાર વિધાનસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન અને ટીએમસી અધ્યક્ષ મમતા બેનરજી મેઘાલયની મુલાકાતે છે , તેવા સમયે જ આ ઊથલપાથલ સર્જાઇ છે. સાંગપલિયાંગ ઉપરાંત નેશનલ પીપલ્સ પાર્ટીના ફરલિન સંગમા, બેનેડિક્ટ મારક અને અપક્ષ વિધાનસભ્ય સેમ્યુઅલ સંગમા પણ ભાજપમાં સામેલ થયા છે. આવતા વર્ષે મેઘાલયમાં વિધાનસભા ચૂંટણી યોજાય તે પહેલાં જ આ મોટી રાજકીય ઊથલપાથલ સર્જાઇ છે. ઉલ્લેખનીય છે કે સાંગપલિયાન, ફરલિન સંગમા અને બેનેડિક્ટ મારક ગયા મહિને જ વિધાનસભાના સ્પીકર મેતબાહ લિંગદોહને રાજીનામું સોંપી ચૂક્યા છે. હવે તે ત્રણેય ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે.

# યુપીની બાંદા જેલમાં બંધ મુખ્તાર અંસારીને ગેંગસ્ટર કેસમાં ૧૦ વર્ષની સજા

**ગાજુપુર**

ઉત્તરપ્રદેશની બાંદા જેલમાં બંધ નેતા મુખ્તાર અંસારીને ૧૬ વર્ષ જૂના ગેંગસ્ટર કેસમાં કોર્ટે આજે તેને દોષિત ઠેરવ્યો હતો અને ૧૦ વર્ષની સજા અને ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ કેસમાં ભીમ સિંહને પણ ૧૦ વર્ષની સજા થઈ છે. કોર્ટે આ મામલે ૧૨ ડિસેમ્બરે સુનાવણી પૂરી કરી હતી. ગાઝીપુર ગેંગસ્ટર કોર્ટે આ ચુકાદો સંભળાવ્યો છે. સજા દરમિયાન ભીમ સિંહ કોર્ટમાં હાજર થયો હતો. મુખ્તાર અંસારીને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રોડયુસ કરવામાં આવ્યો હતો. આ મામલે દલીલ થોડા દિવસો પહેલા જ પૂર્ણ થઈ હતી.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સંબધિત કેસ ઝડપી ચલાવવા મુદ્દે કેન્દ્રને ફટકાર

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (આરઆઈએલ) સાથે સંબંધિત એક કેસની ઝડપી સુનાવણી માટેની અરજી પર કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે અને કહ્યું છે કે, આના કારણે ‘આસમાન નહીં ગિર જાયેગા’. કૃષ્ણા-ગોદાવરી બેસિનના ડી૬ બ્લોકમાં ૪૦૦ મિલિયન ડોલરના કુદરતી ગેસની શોધ સાથે સંબંધિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બીપી એક્સ્પ્લોરેશન અને નિકો રિસોર્સિસ વચ્ચેના વિવાદમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થક્રમ કાર્યવાહી શરૂ થવાની છે પરંતુ તે પહેલા કેન્દ્ર સરકારે આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં પહોંચાડ્યો છે. આરઆઈએલવતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ સીજેઆઈજસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચ સમક્ષ આરઆઈએલઅને બે વિદેશી કંપનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં થનારી આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતાને રોકવા માટે સરકાર દ્વારા અંતિમ સમયમાં ઉઠાવવામાં આવેલા પગલા અને રણનીતિ પર સવાલ ઉઠાવ્યા છે.

# કેરળ વિધાનસભાએ રાજ્યપાલને ચાન્સેલરના પદેથી હટાવવા યુનિ. કાયદા બિલ પસાર કર્યું

**હૈદરાબાદ**

કેરળ વિધાનસભાએ રાજ્યની યુનિવર્સિટીઓના ચાન્સેલર પદેથી રાજ્યપાલને હટાવવા અને અન્ય પ્રતિષ્ઠિત શિક્ષણવિદોની નિમણૂક કરવા માટે યુનિવર્સિટી કાયદા બિલ પસાર કર્યું છે. જ્યારે વિપક્ષી ગઠબંધન યુડીએફએ બિલ અંગેના તેના સૂચનો ન સ્વીકારવા બદલ ગૃહનો બહિષ્કાર કર્યો હતો. સ્પીકર એએન શમસીરે કહ્યું કે બિલ પાસ થઈ ગયું છે. જે દરમિયાન કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફએ કહ્યું હતું કે તે રાજ્યપાલને ચાન્સેલર તરીકે હટાવવાનો વિરોધ કરી રહ્યા ન હતા, પરંતુ તેમને સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશો અને કેરળના હાઈકોર્ટ પૂર્વ મુખ્ય ન્યાયાધીશોમાંથી પસંદ કરવામાં આવે.

# બિહારના છાપરામાં નકલી દારૂને કારણે 17ના મોત, 5ની હાલત અત્યંત ગંભીર

## ઘટનામાં મૃત્યુ માટે પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠ જવાબદાર છે : ભાજપ

**પટના**

બિહારના છાપરા જિલ્લાના મશરાખ, ઈસુપુર, અમનૌર અને મઘૌરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજે કથિત રીતે જહેર બનાવટી નકલી દારુ પીવાથી અત્યાર સુધી 17 લોકોના મોત થયા છે. આ મામલામાં 5 લોકો અતિ ગંભીર હાલતમાં છે. જિલ્લા અધિકારીએ કેટલાક લોકોના મોતની પુષ્ટિ કરી છે. હજુ સુધી કોઈપણ વ્યક્તિએ નિવેદન આપ્યુ નથી કે આ મોત ખરાબ દારુ પીવાથી થઈ છે. જો કે મૃતકોના પરીવારજનોએ કહ્યુ હતુ કે કેટલાક લોકો મોડી રાત્રે દારુ પીને આવ્યા હતા અને ધીરે ધીરે તેમની તબિયત બગડી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને આજે જાણકારી આપતા કહ્યુ હતુ કે કેટલાક લોકો સ્થાનિક દુકાનો પર મોળી રાત સુધી દારુ પીધો હતો અને ઘર જઈને તરત જ તે બીમાર પડ્યા હતા. આ મામલાની પોલીસ દ્રારા તપાર શરુ કરી દેવામાં આવે છે.

સારણ જિલ્લાના અલગ-અલગ જિલ્લામાં ગત સોમવારે કેટલાક લોકોએ દારૂ પીધો હતો જ્યારે કેટલાક લોકોએ મંગળવારે રાત્રે દારૂ પીધો હતો. આ ઘટનામાં હાલમાં પાંચ લોકો હોસ્પિટલમાં છે જેમની સારવાર ચાલી રહી છે. મૃત્યુઆંક હજુ વધી શકે છે. હોસ્પિટલમાં મૃતકના સ્વજનોનો હોબાળો મચી ગયો છે. ઈસુઆપુરના દોયલા ગામમાં ગઈકાલે રાત્રે અડધો ડઝનથી વધુ લોકોની તબિયત અચાનક બગડ્યાની ચર્ચા છે. જે પછી રાતથી સવાર સુધીમાં 17 લોકોના મોત થયા છે. સંબંધીઓનું કહેવું છે કે બધાએ ઝેરી દારૂ પીધો હતો, જ્યારે અમનૌરના હુસેપુરમાં કેટલાક લોકોના મોતના સમાચાર છે.

# છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાની હત્યા, બદમાશોએ મારી ગોળી

## પાંચ ગોળી વાગતા નેતાનું ઘટના સ્થળ પર જ મોત થયું

**બિલાસપુર**

કોંગ્રેસ નેતા સંજીવ ત્રિપાઠી ઉર્ફે સંજુની બુધવારે છત્તીસગઢના બિલાસપુરમાં દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સંજીવ કારમાં જઈ રહ્યો હતો, તે દરમિયાન બદમાશોએ તેને રોક્યો અને તેને ઘેરી લીધો અને ફાયરિંગ શરૂ કરી દીધું હતું. કહેવામાં આવી રહ્યું છે કે, સંજીવને પાંચ ગોળી વાગીહતી. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જિલ્લા કોંગ્રેસ મહાસચિવ સંજુ ત્રિપાઠી બુધવારે બપોરે સાકરી બાયપાસ તરફ જવા માટે કારમાંથી નીકળ્યા હતા. તે થોડે દૂર પહોંચ્યા જ હતા કે, કેટલાક લોકોએ તેને અટકાવ્યા. સંજુએ કાર રોકતા જ બદમાશોએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ગોળી સંજુના માથા અને શરીરના અન્ય ભાગોમાં વાગી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કોઈ કંઈ સમજે તે પહેલા જ બદમાશો ત્યાંથી ભાગી ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, બદમાશો કારમાંથી બે અલગ-અલગ દિશામાં ભાગ્યા હતા. ઘટના અંગે આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી. હાલ ફોરેન્સિક ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી છે. શહેરમાં નાકાબંધી કરવામાં આવી છે. ગોળી વાગવાથી કારના કાચ પણ તૂટી ગયા હતા.

# પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં 20થી વધુ સ્થળ પર ITના દરોડા

**નવી દિલ્હી**

આવકવેરા વિભાગે બે રાજ્યોમાં મોટી કાર્યવાહી કરી છે. આઈટી વિભાગે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં એક સાથે 20થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મોંગિયા સ્ટીલ અને સલુજા સ્ટીલ કંપની સાથે સંકળાયેલા કેટલાક ડિરેક્ટરોના સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આવકવેરા વિભાગની કાર્યવાહીથી ખળભળાટ મચી ગયો છે. આવકવેરા સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે, ઝારખંડમાં રાંચી, ગિરિડીહ, દેવઘર અને અન્ય સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. બીજી તરફ આવકવેરા વિભાગની ટીમ કોલકાતામાં ચાર સ્થળોએ દરોડા પાડી રહી છે. પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં એક સાથે દરોડા પડતાં બધે હલચલ મચી ગઈ. છેલ્લા કેટલાક દિવસોથી આવકવેરા વિભાગની ટીમ દેશના ઘણા ભાગોમાં સતત દરોડા પાડી રહી છે. મળતી માહિતી પ્રમાણે આવકવેરા વિભાગની ટીમે પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં એક સાથે દરોડા પાડવાનું શરૂ કર્યું. આઈટી વિભાગની ટીમે 20થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. આવકવેરા વિભાગની ટીમ ગુણવંત સિંહ મોંગિયા અને બલવિંદર સિંહના સ્થળો પર દરોડા પાડી રહી છે.

# નવી દિલ્હીમાં વિદ્યાર્થીની પર એસિડ એટેક કરનારા ત્રણેય મુખ્ય આરોપીની ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હીમાં એસિડ એટેક કરનારા ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. દિલ્હીના દ્વારકા વિસ્તારમાં સ્કૂલે જતી એક બાળકી જ્યારે તેની બહેન સાથે ઉભી હતી ત્યારે તેની પર એસિડ એટેક કરવામાં આવ્યો હતો. 12મા ઘોરણમાં ભણતી આ વિદ્યાર્થીનીને સારવાર માટેલ સફદરગંજ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેની ઉંમર 17 વર્ષની છે. આ ઘટના બાદ પોલીસની કેટલીક ટીમો આરોપીઓને શોધવા માટે સક્રિય થઈ ગઈ હતી.

પોલીસને મોહન ગાર્ડન પાસે વિદ્યાર્થીની પર એસિડ એટેક થયો હોવાની માહિતી મળી હતી. આ વિદ્યાર્થીની તેની નાની બહેન સાથે ઉભી હતી. ત્યારે બાઈક પર સવાર 2 લોકોએ તેની પર એસિડ ફેંક્યું હતું. આરોપીઓએ એસિડ ઓનલાઈ ખરીદ્યું હતું. બાળકીએ પોતાની ઓળખાણનાં 2 લોકો પર




શક હોવાનું જણાવ્યું હતું. જેનાં પછીથી એક વ્યક્તિને પકડી લેવામાં આવ્યો હતો. ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ હર્ષવર્ધન મંડવાનું કહેવું છે કે અમે પકડાયેલ એક વ્યક્તિથી પૂછપરછ કરી રહ્યાં છીએ તેમજ આ એસિડ અટેક સાથે સંકળાયેલ 3 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# કાશી વિશ્વનાથના ચરણમાં પહેલા વર્ષે શ્રાદ્ધાળુઓએ 100 કરોડથી વધુ ચડાવ્યા

## 60 કિલો સોનું, 10 કિલો ચાંદી અને 1500 કિલો તાંબુ ચડાવાયું, 40 રોકડનુ દાન ઓનલાઈન આવ્યું

**કાશી**

શ્રીકાશી વિશ્વનાથ ધામે પોતાના પહેલા જ વર્ષમાં ચડાવાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. મંગળવારે 13 ડિસેમ્બરે શ્રીકાશી વિશ્વનાથ ધામના લોકાર્પણની પહેલી વર્ષગાંઠ છે. મંદિર તંત્ર તરફથી આ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં દેશ-દુનિયાથી કાશી-વિશ્વનાથ મંદિરના દર્શન માટે આવેલા શિવભક્તોએ



દિલ ખોલીને બાબાના ધામમાં રોકડ, સોના, ચાંદી અને અન્ય ધાતુઓની ભેટ ચડાવી છે. મંદિર તંત્રના અંદાજ અનુસાર ચડાવાનું મૂલ્ય 100 કરોડ કરતા પણ વધારે છે. મંદિરના મુખ્ય કાર્યપાલક અધિકારી સુનીલ કુમાર વર્માના અનુસાર ધામના લોકાર્પણથી હજુ સુધીમાં શ્રાદ્ધાળુઓ દ્વારા લગભગ 50 કરોડથી વધારેની રોકડ દાન કરાઈ છે. તેમાં 40 ટકા રકમ ઓનલાઈન સુવિધાથી પ્રાપ્ત થઈ છે. જ્યારે ભક્તોએ 50 કરોડથી વધારેની મૂલ્યવાન ધાતુ (60 કિલો સોનું, 10 કિલો ચાંદી અને 1500 કિલો તાંબું) પણ ભેટ ચડાવ્યું છે.

# કર્ણાટકમાં નશામાં માર મારતા પિતાની પુત્ર દ્વારા હત્યા, લાશના 30 ટુકડા કર્યા

**બેંગાલુરુ**

દિલ્હીના શ્રદ્ધા વોલ્કર હત્યા કેસએ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી છે ત્યારે હવે આ જ પ્રકારનો અન્ય એક હત્યાકાંડ કર્ણાટકમાં પણ સામે આવ્યો છે. કર્ણાટકમાં પોતાના જ પિતાની પુત્રએ હત્યા કરી નાખી હતી અને બાદમાં તેના શરીરના ૩૦ ટુકડા કરી નાખ્યા હતા, જેમ આફતાબે પોતાની જ ગર્લફ્રેન્ડ શ્રદ્ધાના ૩૫ ટુકડા કરીને તેના મૃતદેહને રફેદફે કરવાનો પ્રયાસ કર્યો હતો તે જ સ્ટાઈલમાં કર્ણાટકના આ નરાધમ પુત્રએ પોતાના પિતાની હત્યા કરીને તેના શરીરના ટુકડાઓને એક બોરવેલમાં ફેંકી દીધા હતા. કાળજુ કંપાવી નાખતો આ હત્યાકાંડ કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં સામે આવ્યો છે. મુધોલ વિસ્તારમાં રહેતા પિતા અને પુત્ર વચ્ચે વિવાદ ચાલતો હતો, ગુસ્સામાં પિતા પર હુમલો કર્યો અને તેની હત્યા કરી નાખી હતી. હત્યારા પુત્રની ઉંમર માત્ર ૨૦ વર્ષની જ છે. પોલીસે આરોપી પુત્ર વિઠ્ઠલની ધરપકડ કરી લીધી છે. વિઠ્ઠલે હત્યા કેમ કરી તેનું કારણ જણાવતા કહ્યું હતું કે મારા પિતા પરશુરામ નશો કરવાની ટેવ ધરાવતા હતા, તેઓ દારુનો નશો કરીને આવતા હતા અને મારી સાથે ખુબ જ મારપીટ કરતા હતા.

# વૈવાહિક દુષ્કર્મને ગુનો ન ગણતા કાયદાની માન્યતા અંગે SC તપાસ કરશે

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તે જાન્યુઆરીના બીજા સપ્તાહથી વૈવાહિક બળાત્કારના મુદ્દા પર દાખલ અરજીઓની સુનાવણી શરૂ કરશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તે આઈપીસી કલમ 375ની બંધારણીય માન્યતાની તપાસ કરશે, જે વૈવાહિક બળાત્કારને અપરાધ ગણાવે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કોર્ટમાં નવી રિટ અરજી દાખલ કર્યા બાદ આ નિર્દેશો આપ્યા હતા. વરિષ્ઠ વકીલ સીયુ સિંહે બેન્ચને કહ્યું કે આ મામલે અલગ-અલગ અરજીઓ સુપ્રીમ કોર્ટની અલગ-અલગ બેન્ચ સમક્ષ પેન્ડિંગ છે અને તેની સુનાવણી એક બેન્ચ દ્વારા થવી જોઈએ.

# આત્મનિર્ભરતાના દાવાઓ વચ્ચે એક વર્ષમાં ચીન સાથેનો વેપાર ૩૪% વધ્યો

**નવી દિલ્હી**

ગ્લોબલાઈઝેશનની દુનિયામાં એક દેશની બીજા દેશ પર નિર્ભરતા વધી છે. ચીન અને ભારત વચ્ચે સરહદે તણાવ રહે છે પરંતુ છેલ્લા ૧ વર્ષમાં ચીન સાથેનો વેપાર ૩૪ ટકા વધ્યો હોવાનું જાણવા મળે છે. આથી ભારતે આત્મનિર્ભરતા બાબતે મજબૂત પગલાઓ ભરવાની જરુર છે. ગત સપ્તાહ સંસદમાં કોર્મસ મિનિસ્ટ્રી દ્વારા આંકડા રજૂ કરવામાં આવ્યા જેમાં માર્ચ ૨૦૨૨ સુધીની માહિતી મુજબ ભારત અને ચીન વચ્ચે કુલ કારોબાર ૩૪ ટકા વધીને ૧૧૫.૮૩ બિલિયન



ડોલર થયો છે. સરકાર દ્વારા જુદા જુદા આર્થિક મંચો પર એક કરતા અનેક વાર ઉત્પાદન અને નિકાસ વધારીને આત્મનિર્ભર બનવાની વાત કરવામાં આવી છે પરંતુ ચીન સાથે ભારતનો કારોબાર વધતો જાય છે.

# હવે વીજળી, પાણી, રસ્તા નહીં, પણ ખોવાયેલી ઓળખ માટે લડીશું ચૂંટણી: ઓમર અબ્દુલ્લા

**જમ્મુ કાશ્મીર**

દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં, નેશનલ કોન્ફરન્સના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે આ વખતે તેમની પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણીમાં રસ્તા, વીજળી અને પાણી નહીં, પરંતુ તેની ખોવાયેલી ઓળખ માટે લડશે. તેમની પાર્ટી ગમે ત્યારે ચૂંટણી કરાવવા માટે હંમેશા તૈયાર છે. જો તેમનો પક્ષ સત્તામાં આવશે તો તે પબ્લિક સેફ્ટી એક્ટ (પીએસએ)ને ખતમ કરી દેશે. તેમણે અનંતનાગ જિલ્લાનો પ્રવાસ કર્યો અને કોકરનાગમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે રાજ્યમાં ચૂંટણી ક્યારે થશે તે કોઈને ખબર નથી, પરંતુ જ્યારે પણ ચૂંટણી થશે અમે તૈયાર છીએ.

# આફ્રિકન દેશ કોંગોમાં વરસાદથી પુર અને ભુસ્ખલનઃ 120 નાગરિકોના મોત

**કિંશાસા**

આફ્રિકન દેશ કોંગોની રાજધાની કિંશાસાના બાહ્ય જિલ્લાઓમાં સોમવારે મોડી રાતથી મંગળવારની વહેલી સવાર સુધી ભારે વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 120 લોકોના મોત થયા છે. મંગળવારે મોડી રાત્રે સ્થાનિક અધિકારીઓ દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા હતો. કિંશાસા પ્રાંતીય જાહેર આરોગ્ય મંત્રાલયના કહ્યા અનુસાર ભારે વરસાદમાં 120 લોકોના મોત થયા હતા, જ્યારે 38,787 ઘરો પાણીમાં ડૂબી ગયા હતા. ત્યાં લગભગ 280 મકાનો ધરાશાયી થયા હતા. 2019માં



કિંશાસામાં ઓછામાં ઓછા 39 લોકો મૃત્યુ પામ્યા હતા. જ્યારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જેના કારણે કેટલીક ઈમારતો અને રસ્તાઓ ધરાશાયી થઈ ગયા હતા. 2020ના વર્લ્ડ બેંક મુજબ ક્ષતિગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપરાંત, પૂરના પ્રત્યેક દિવસે સામૂહિક પરિવહનના અડચણના કારણે પરિવારોને સંયુક્ત $1.2 મિલિયનનો ખર્ચ થાય હતો.

# USએ ઈરાનમાં માનવાધિકારનું ઉલ્લંઘન કરનારા વિરુદ્ધ પ્રતિબંધની જાહેરાત કરી

**ન્યૂયોર્ક**

USએ ઈરાનમાં માનવાધિકારનું ગંભીર ઉલ્લંઘન અને દમન કરતા લોકો સામે પ્રતિબંધોની જાહેરાત કરી છે. ઈરાનમાં પ્રદર્શનકારીઓના સમર્થન આપવા અંગેના પ્રશ્નના જવાબમાં અમેરિકન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેસ સુલિવને કહ્યું હતું કે જે લોકો ઘૃણાસ્પદ માનવાધિકારનું ઉલ્લંઘન અને દમન કરી રહ્યા છે તેમની સામે પ્રતિબંધો માટે અમારી પાસે ઘણી ઘોષણાઓ છે. અમે માત્ર પોતે જ આવું નથી કર્યું, અમે વિશ્વના અન્ય દેશો સાથે સંકલન અને ગઠબંધન કર્યું છે, જે થઈ રહ્યું છે તેની સામે નિંદાનું એક આંતરરાષ્ટ્રીય



કોરસ તૈયાર કર્યું છે. આ સિવાય, EU વિદેશી બાબતોના પ્રધાનોએ 20 વ્યક્તિઓ પર નવા પ્રતિબંધ લાદ્યા હતા અને સોમવારના રોજ માનવાધિકારના ઉલ્લંઘન માટે એક એકમને મંજૂરી આપવામાં આવી હતી.

# કેલિફોર્નિયા દુષ્કાળની ઝપેટમાં, પાણી માટે લાખો લોકોને વલખાં

**કેલિફોર્નિયા**

અમેરિકામાં સૌથી મોટા પાણી પુરવઠાકર્તાએ સમગ્ર દક્ષિણ કેલિફોર્નિયા માટે દુષ્કાળની કટોકટી જાહેર કરી છે. 19 મિલિયન લોકો તેનાથી પ્રભાવિત થઈ શકે છે. સધર્ન કેલિફોર્નિયાનો મેટ્રોપોલિટન વોટર ડિસ્ટ્રિક્ટ 26 વિવિધ એજન્સીઓને પાણી પૂરું પાડે છે જેમાં લોસ એન્જલસ અને સાન ડિએગો કાઉન્ટીઓનો સમાવેશ થાય છે. દક્ષિણ કેલિફોર્નિયામાં વધુ વરસાદ પડતો નથી, તેથી ડિસ્ટ્રિક્ટ સ્ટેટ વોટર પ્રોજેક્ટ દ્વારા કોલોરાડો નદી અને ઉત્તરીય સિએરા નેવાડામાંથી લગભગ અડધા પાણીની આયાત કરે છે. ડેમ, નહેરો અને જળાશયોની રાજ્યની જટિલ વ્યવસ્થા મોટાભાગના લોકોને પીવાનું પાણી પૂરું પાડે છે. છેલ્લા 3 વર્ષમાં તે એટલું સૂકું છે કે તે પાણીની ડિલિવરી રેકોર્ડ સ્તરે આવી ગઈ છે. આ વર્ષની શરૂઆતમાં એજન્સીઓ માટે દુષ્કાળની કટોકટી જાહેર કરી હતી. જે લગભગ 7 મિલિયન લોકોને આવરી લે છે. મંગળવારે બોર્ડે કેલિફોર્નિયાની જળ એજન્સીઓને તેઓ આયાત કરતા પાણીની માત્રામાં તાત્કાલિક ઘટાડો કરવા જણાવ્યું હતું. દુષ્કાળની ઘોષણા બાદ કોલોરાડો નદીના પાણીના સંચાલકો લાસ વેગાસમાં નદીના ભવિષ્ય વિશે વધતી જતી ચિંતાઓની ચર્ચા કરવા બેઠક કરી રહ્યા છે.

# સાઉદીમાં બુર્ઝ ખલીફા કરતા ઊંચી બિલ્ડિંગ બનશે

દુબઈ : વિશ્વની સૌથી ઉચી બિલ્ડિંગ તરીકે બુર્જ ખલીફાનો દરજ્જો ટૂંક સમયમાં ઘટવા જઈ રહ્યો છે. આ 828 મીટર ઉચી બિલ્ડિંગ પણ હવે નાની થઈ જશે કારણ કે સાઉદી અરેબિયા હવે તેનાથી પણ ઉચી બિલ્ડિંગ બનાવવાનું વિચારી રહ્યું છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન હવે તેમના પાડોશી દેશમાં આ બિલ્ડિંગ કરતાં પણ ઊંચી બિલ્ડિંગ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. 2000 મીટર (2 કિ.મી.) ની ઉચાઈ સાથે આ બિલ્ડિંગ અત્યાર સુધીનું સૌથી ઊંચું ‘માનવસર્જિત માળખું’ હશે.

# નેપાળમાં શ્રદ્ધાળુને લઈ જતી બસને અકસ્માતઃ 17ના મોત, 20 ઈજાગ્રસ્ત

**કાઠમંડુ**

ભારતના પાડોશી દેશ નેપાળમાં એક દર્દનાક માર્ગ અકસ્માતનો થયો છે. મધ્ય નેપાળના કાવરેપાલનચોક જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે. આ અંગે કાવરેપાલચોકના એસપીએ માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે આ અકસ્માતમાં 20 લોકો ઘાયલ પણ થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કાવરેપાલચોકના એસપી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ઘટના સવારે લગભગ 6.30 વાગ્યે



(સ્થાનિક સમય) બની હતી. જે બસને અકસ્માત થયો તે ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા લોકોને લઈને જઈ રહી હતી. 20 લોકો ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયામાં પોલીસ ટીમ પર હુમલોઃ 2 અધિકારીઓ સહિત 6 લોકોના મોત

## ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની અલ્બાનીસે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

**સિડની**

ઓસ્ટ્રેલિયામાં ગુમ થયેલા વ્યક્તિને શોધી રહેલી પોલીસની ટીમ પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં બે પોલીસ અધિકારીઓ સહિત 6 લોકોના મોત થયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઓસ્ટ્રેલિયાના ગ્રામીણ વિસ્તારમાં બે પોલીસ અધિકારીઓ સહિત છ લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. ગુમ થયેલી વ્યક્તિની ફરિયાદના આધારે પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, સોમવારે સાંજે 5:45 વાગ્યે આ હિંસા થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ,ઓછામાં ઓછા બે હુમલાખોરોએ વિઆમ્બિલા ગ્રામીણ



વિસ્તારમાં પોલીસ અધિકારીઓ પર ગોળીબાર કર્યો હતો. પોલીસે જણાવ્યું કે તેઓએ જવાબી કાર્યવાહી કરી પરંતુ બે અધિકારીઓ ગંભીર રીતે ઘાયલ થયા અને સ્થળ પર જ મૃત્યુ પામ્યા. સ્થળ પર હાજર અન્ય એક વ્યક્તિનું પણ ગોળી વાગવાથી મોત થયું હતું.

# રશિયા વિરૂદ્ધ યુદ્ધ માટે અમેરિકા યુક્રેનને પેટ્રિઅટ મિસાઈલ આપશે

**કીવ**

અમેરિકા યુક્રેનને પેટ્રિઅટ મિસાઈલની ખેપ મોકલવા માટે મંજૂરી આપવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકાએ રશિયન હુમલાઓનો સામનો કરવા માટે વધુ અદ્યતન શસ્ત્રો માટે યુક્રેનિયન નેતાઓની વિનંતીને સ્વીકારી છે. આ નિર્ણય આખરી નથી અને તેની સાર્વજનિક રીતે જાહેરાત કરવામાં આવી નથી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ તાજેતરમાં પશ્ચિમી નેતાઓને રશિયા સામેના યુદ્ધમાં મદદ કરવા માટે વધુ આધુનિક શસ્ત્રો પ્રદાન કરવા દબાણ કર્યું હતું. પેટ્રિઅટ એ સપાટીથી હવામાં પ્રહાર કરતી અદ્યતન મિસાઈલ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ યુક્રેનમાં શાંતિ સ્થાપિત કરવા 3 તબક્કાનો પ્રસ્તાવ મૂક્યો છે. જાણકારી યુક્રેનના રાષ્ટ્રપતિના કાર્યાલયની પ્રેસ સર્વિસ દ્વારા આપવામાં આવી હતી. ઝેલેન્સકીએ સોમવારના રોજ ગૃપ ઓફ સેવન (જી7) ની ઓનલાઈન સમિટ દરમિયાન તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ન્યુ પાવર નામના પ્રથમ તબક્કામાં યુક્રેન માટે ટેન્ક, રોકેટ આર્ટિલરી અને લાંબા અંતરની મિસાઈલો સહિત સંરક્ષણ સમર્થન વધારવાની કલ્પના કરવામાં આવી છે.

# ચીની નાગરિકોને તરત જ અફઘાનિસ્તાન છોડવા દૂતાવાસની જાહેરાત

**કાબુલ**

ચીને તેના નાગરિકોને જલ્દીથી જલ્દી કાબુલ છોડવા સલાહ આપી છે ત્યાં ISIS દ્વારા ચીની નાગરિકો જ્યાં ઉતર્યા હતા તે હોટેલ પર હુમલા શરૂ કરી દેવાયા છે. ચીનની એડવાઈઝરી તેવા સમયે આવી છે કે જ્યારે કાબુલની તાલિબાન સરકાર અફઘાનિસ્તાનમાં ડૂબી ગયેલા અર્થતંત્રને બચાવવા વિદેશી મૂડી આકર્ષવા પ્રયત્નો કરી રહી છે તાલિબાન સરકારને બચાવવા અને ચીને કરોડો ડોલરનું પેકેજ પણ આપ્યું છે. તેના બદલામાં તાલિબાનોએ ચીનને અનેક ખાણોમાં ખોદકામની મંજૂરી આપી છે તેના પટ્ટા પણ આપ્યા છે. તે સર્વવિદિત છે કે ૨૦૨૧ના ઓગસ્ટ ૧૫મીએ તાલિબાનોએ કાબુલ પર કબ્જો જમાવી સમગ્ર અફઘાનિસ્તાન હાંસલ કરી લીધું હતું.

# બર્નાર્ડ આરનોલ્ટ વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ બન્યાઃ એલોન મસ્ક બીજા ક્રમાંકે

**વોશિંગ્ટન**

એલોન મસ્ક હવે દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ નથી રહ્યા. ફ્રાંસિસી અરબપતિ અને લુઈ વીટોનના સીઈઓ બર્નાર્ડ આરનોલ્ટ એમને પાછળ મૂકીને પહેલા નંબરે પહોંચી ગયા છે. ટેસ્લાના શેરોમાં હાલમાં જે રીતે કડાકો થઈ રહ્યો છે તે મુખ્ય કારણ છે એલોનના નંબર ૨ પર જવાનું. બ્લૂમબર્ગ બિલીઓનેર ઈન્ડેક્સ અને ફોર્બ્સ ઈન્ડેક્સ આ બંનેના લિસ્ટિંગમાં એલોન મસ્ક બીજા નંબરે પહોંચી ગયા છે.

બ્લૂમબર્ગના અનુસાર આરનોલ્ટની નેટવર્થ લગભગ ૧૪.૧૨ લાખ કરોડ રૂપિયા છે જયારે એલોન મસ્કની નેટવર્થ લગભગ ૧૩.૫ લાખ કરોડ થઈ ગઈ છે. જયારે ભારતના ગૌતમ અદાણી લગભગ ૧૦.૩૨ લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે ત્રીજા નંબર પર છે. ચોથા નંબરે એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ અને બિલ ગેટ્સનું નામ આવે છે. આ બંનેની નેટવર્થ લગભગ ૯.૫ લાખ કરોડ રૂપિયા છે. જયારે મુકેશ અંબાણી લગભગ ૭.૪૧ લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે ૯ માં સ્થાને છે. મસ્કની કંપની ટેસ્લાના સ્ટોક સોમવારે ૪.૦૯% જેટલો તૂટીને ૧૬૦.૯૫ ડોલર પર બંધ થયું હતું.

# અમેરિકામાં સમલૈંગિક લગ્ન બિલને સંઘીય કાયદા તરીકે મંજૂર કરાયું

**વોશિંગ્ટન**

સમલૈંગિક લગ્ન બિલને સંઘીય કાયદા તરીકે મંજૂર કર્યા પછી બાઈડેને ટ્વિટ કર્યું, ‘આજનો દિવસ સારો છે. અમુક લોકોની સ્વતંત્રતા અને ન્યાય માટે જ નહીં, પરંતુ બધા માટે આજે અમેરિકાએ સમાનતા તરફ વધુ એક પગલું ભર્યું છે. અમેરિકામાં ગે લગ્નને મંજૂરી આપવામાં આવી છે. રાષ્ટ્રપતિ જો બાઈડેને તાજેતરમાં યુએસ સંસદ દ્વારા પસાર કરાયેલ ગે મેરેજ પ્રોટેક્શન બિલ પર હસ્તાક્ષર કર્યા. નવા યુએસ કાયદામાં સમલૈંગિક લગ્નોને સંઘીય સુરક્ષા મળશે. આ કાયદો યુએસના તમામ રાજ્યોમાં સમલૈંગિક લગ્ન કરનારા યુગલોના અધિકારોને પણ માન્યતા આપશે અને તેનું રક્ષણ કરશે.



## FIFA 2022

# વર્લ્ડકપની ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સ હવે ફાઈનલમાં આર્જેન્ટિના સામે ટકરાશે

**FIFA વર્લ્ડકપ 2022ની પહેલી સેમિફાઈનલમાં આર્જેન્ટિનાની ટીમ સામે ક્રોએશિયાની ટીમ હતી. આ મેચમાં લિયોનેલ મેસ્સીની ટીમે ગત વર્લ્ડકપની રનર્સઅપ ક્રોએશિયાને 3-0થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ મેચમાં મેસ્સીએ પ્રથમ ગોલ મેચના 34મી મિનિટમાં જ કર્યો હતો. જ્યારે બીજી સેમીફાઈનલમાં ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવી વર્લ્ડકપની ફાઈનલ માટે ક્વોલિફાય કરી લીધુ છે. હવે ફાઈનલમાં ફ્રાન્સની ભીંડત 18 ડિસેમ્બરે આર્જેન્ટિના સામે થશે. આ મેચમાં મોરક્કોની ટીમે ફ્રાંસ પર પ્રભુત્વ જમાવ્યું હતું તેમ છંતાપણ ટીમે કોઈ ગોલ ન કર્યો અને નસીબે પણ સાથ ન આપ્યો.**

## વર્લ્ડકપના ફાઈનલમાં પહોંચી આર્જેન્ટિના

FIFA વર્લ્ડકપ 2022ની પહેલી સેમિફાઇનલમાં આર્જેન્ટિનાની ટીમ સામે ક્રોએશિયાની ટીમ હતી. આ મેચમાં લિયોનેલ મેસ્સીની ટીમે ગત વર્લ્ડકપની રનર્સઅપ ક્રોએશિયાને 3-0થી હરાવીને ફાઇવલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ મેચમાં મેસ્સીએ પ્રથમ ગોલ મેચના 34મી મિનિટમાં જ કર્યો હતો. આર્જેન્ટિનાના સ્ટાર ખેલાડી લિયોનેલ મેસીએ પેનલ્ટી કોર્નર પર આ ગોલ કર્યો હતો. FIFA વર્લ્ડકપ 2022માં મેસ્સીનો આ પાંચમો ગોલ હતો. FIFA વર્લ્ડકપ ઈતિહાસમાં મેસ્સીના 11 ગોલ થયા હતા . મેચમાં જુલિયન અલ્વારેઝે આર્જેન્ટિના માટે બીજો ગોલ કર્યો હતો. જુલિયન અલ્વારેઝે આ ગોલ 39મી મિનિટે કર્યો હતો. મેચના પ્રથમ હાફના અંત સુધીમાં આર્જેન્ટિનાની ટીમ 2-0થી આગળ હતી.

## ફ્રાંસ સતત બીજા વર્ષે ફાઈનલમાં પહોંચ્યું

FIFA વર્લ્ડકપની બીજા સેમીફાઇનલમાં ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવી વર્લ્ડકપની ફાઇનલ માટે ક્વોલિફાય કરી લીધુ છે. હવે ફાઇનલમાં ફ્રાન્સની ભીંડત 18 ડિસેમ્બરે આર્જેન્ટિના સામે થશે. આ મેચમાં મોરક્કોની ટીમે ફ્રાંસ પર પ્રભુત્વ જમાવ્યું હતું તેમ છંતાપણ ટીમે કોઈ ગોલ ન કર્યો અને નસીબે પણ સાથ ન આપ્યો. કતારના અલ બાયત સ્ટેડિયમમાં રમાયેલી બીજી સેમિફાઇનલ મેચમાં ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવ્યું. આ પહેલા પ્રથમ સેમિફાઈનલમાં આર્જેન્ટિનાએ ક્રોએશિયાને હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. આ જીતને કારણે ફ્રાન્સ હવે સતત બીજી વખત અને ઈતિહાસમાં ત્રીજી વખત વર્લ્ડકપનો ખિતાબ જીતવાથી એક ડગલું દૂર છે. ફ્રાન્સની જીતના હીરો થિયો હર્નાન્ડીઝ અને રેન્ડલ કોલો મુઆની હતા.

# કુલદીપ-સિરાઝના ઝંઝાવાત સામે બાંગ્લાદેશ ઘૂંટણીયે



## ભારતના જંગી સ્કોર સામે બાંગ્લાદેશનો ધબડકો

**ચિત્તાગોંગ**

ચેતેશ્વર પૂજારા, શ્રેયસ ઐય્યર અને અશ્વિનની અડધી સદી બાદ કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાઝની ઝંઝાવાતી બોલિંગની મદદથી ભારતે બાંગ્લાદેશ વિરુદ્ધ રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં મજબૂત સ્થિતિ મેળવી લીધી છે. ચિત્તોગ્રામમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ગુરૂવારે ભારતના જંગી સ્કોર સામે બાંગ્લાદેશી ટીમનો ધબડક થયો હતો. ભારતે પ્રથમ દાવમાં ૪૦૪ રનનો મોટો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ગુરૂવારે બીજા દિવસની રમતના અંતે બાંગ્લાદેશે ૮ વિકેટે ૧૩૩ રનનો સ્કોર નોંધાવ્યો હતો. બાંગ્લાદેશ હજી ૨૭૧ રન પાછળ છે અને તેની બે વિકેટ બાકી છે. દિવસના અંતે મેંહદી હસન મિરાઝ ૧૬ અને ઈબાદત હુસૈન ૧૩ રને રમતમાં છે.

ભારતે પ્રથમ દાવમાં ૪૦૪ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં બાંગ્લાદેશનો ધબડકો થયો હતો. ઝડપી બોલર મોહમ્મદ સિરાજ અને સ્પિનર કુલદીપ યાદવે ઝંઝાવાતી બોલિંગ કરી હતી. જેની સામે યજમાન બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. સિરાજે બંને ઓપનરને સસ્તામાં આઉટ કરી દીધા હતા. નજમુલ હુસૈન શાંતો ખાતું ખોલાવી શકયો ન હતો. જ્યારે ઝાકિર હસન ૨૦ રન નોંધાવીને આઉટ થયો હતો. યાસિર અલી ચાર રન નોંધાવીને પેવેલિયન ભેગો થયો હતો. લિટન દાસ અને મુશફિકુર રહિમ પણ વધારે સમય ટકી શકયા ન હતા. લિટન દાસે ૨૪ અને મુશફિકુર રહિમે ૨૮ રન ફટકાર્યા હતા. સુકાની સાકિબ અલ હસન પણ ફ્લોપ રહ્યો હતો. તેણે ત્રણ રન નોંધાવ્યા હતા.

SALE START THIS WEEKEND
CHRISTMAS SPECIAL SALE
FROM DECMBER 16, FRIDAY TO DECEMBER 24 SUNDAY.
સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦
U.K. SWEATER HOUSE
હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ



ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...
યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૧૬ ડિસેમ્બર થી ૨૪ ડિસેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.
જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે
Selected ladies ' 30-dollar cardigan on sale for 25 dollars for a limited time only.
- All new shipment of ladies cardigan in many colors and styles.
- This long weekend huge sale with great prices.
- Many other cardigan available in different prices.
- 35 each 2 for 65 selected
- some selected 40 each
- Lined cardigan 50 and 60 dollars.
Visit The Store This Weekend .
સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો
જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે
NO EXCHANGE
NO REFUND
FINAL SALE



Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514

# પેરૂમાં કટોકટી લદાઈ, અનેક સ્થળોએ હિંસક પ્રદર્શન

## પેડ્રો કૈસ્ટીલોને રાષ્ટ્રપતિ પદેથી હટાવાયા બાદ સમર્થકો દ્વારા આખા દેશમાં તોફાન મચાવાયું: ફરી ચંટણી યોજવા માંગ

**નવી દિલ્હી**

પેરુમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી હતી. જ્યારથી પેડ્રો કૈસ્ટિલોને રાષ્ટ્રપતિ પદ પરથી હટાવવામાં આવ્યા અને ધરપકડ કરવામાં આવી ત્યારથી દેશમાં તેમના સમર્થકો દ્વારા ભારે હોબાળો મચાવ્યો હતો. અનેક સ્થળોએ હિંસક પ્રદર્શનો થયા અને પછી ચૂંટણીની માંગ ઉગ્ર બની છે. પેરુના સંરક્ષણ પ્રધાને કટોકટી જાહેર કરી છે. સંરક્ષણ પ્રધાન છડ્મહ્નીરિ્ રૂંટ્વઙ્ર્મિટ્વએ એક નિવેદનમાં કહ્યું હતું કે પ્રદર્શનકારીઓએ ઘણી જગ્યાએ રસ્તાઓ બંધ કરી દીધા છે, ઘણી જગ્યાએ તોડફોડ થઈ છે. આ તમામ ઘટનાઓને ધ્યાનમાં રાખીને દેશમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. કેટલીક જગ્યાએ કર્ફ્યુ પણ લાદવામાં આવી શકે છે. સંરક્ષણ પ્રધાને એ વાત પર પણ ભાર મૂકયો છે કે, પોલીસની સાથે સશસ્ત્ર દળોને પણ જમીન પર પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે તૈનાત કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે હાલમાં પેરુ અણધાર્યા રાજકીય સંકટનો સામનો કરી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં એટલો બધો હંગામો થયો છે કે જમીન પરનો તણાવ ઓછો થવાને બદલે વધ્યો છે. પેરુમાં આ વિવાદનું મૂળ પેડ્રો કૈસ્ટિલો છે, જે થોડા દિવસો પહેલા સુધી આ દેશના રાષ્ટ્રપતિ હતા. હકીકતમાં પેડ્રો કૈસ્ટિલોએ બુધવારે રાષ્ટ્રને નાટકીય સંબોધનમાં જાહેરાત કરી હતી કે તેઓ દેશમાં કટોકટી લાદવા જઈ રહ્યા છે. તેમણે જાહેરાત કરી હતી કે તેઓ વિરોધ પક્ષોનું વર્ચસ્વ ધરાવતી કોંગ્રેસનું વિસર્જન કરશે. તેમની આ જાહેરાતથી બધાને આશ્ચર્ય થયું. તેના વિરોધમાં અનેક મંત્રીઓએ પદ પરથી રાજીનામું પણ આપી દીધું હતું. બંધારણીય અદાલતના વડાએ તેમના નિર્ણયની નિંદા કરી હતી. જ્યારે યુએસએ કૈસ્ટિલોને તેમનો નિર્ણય પાછો ખેંચવા વિનંતી કરી હતી. પરંતુ કૈસ્ટિલોની જાહેરાતના થોડા કલાકો પછી વિપક્ષી પક્ષોએ એક તાકીદની બેઠક બોલાવી અને તેમની સામે મહાભિયોગ લાવવાનો નિર્ણય કર્યો હતો. પેરુની મોટાભાગની પાર્ટીઓ પેડ્રોની વિરુદ્ધમાં હતી. આવી સ્થિતિમાં નિષ્ણાતોનું માનવું હતું કે તેમની સામે લાવવામાં આવેલો આ મહાભિયોગ નિષ્ફળ જશે. પરંતુ અહીં પરિસ્થિતિ સંપૂર્ણપણે પલટાઈ ગઈ અને ૧૩૦ સભ્યોની કોંગ્રેસમાં ૧૦૧ ધારાસભ્યોએ પેડ્રોને પદ પરથી હટાવવા માટે મત આપ્યો. વોટિંગ દરમિયાન મહાભિયોગની તરફેણમાં ૧૦૧ વોટ પડયા જ્યારે તેની વિરુદ્ધમાં માત્ર ૭ વોટ પડયા હતા.

# ઓન્ટેરિયોમાં કમ્પ્યુટર અને ટેક્નોલોજીકલ શિક્ષણના કોર્ષમાં સરળીકરણ માટે કવાયત

## નવા અભ્યાસક્રમથી ઉમેદવારને નોકરી મેળવવામાં વધુ સરળતા રહેવાનો દાવો

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો કમ્પ્યુટર સાયન્સ અને ટેક્નોલોજીકલ એજ્યુકેશન એમ બંનેમાં તેના અભ્યાસક્રમને વધુ સરળ બનાવવા માટે અપડેટ કરી રહ્યું છે. શિક્ષણ પ્રધાન સ્ટીફન લેસીએ જણાવ્યું હતું કે, આ ફેરફારો વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજીનો અનુભવ આપશે, તેમને વાસ્તવિક જીવનની સમસ્યાના ઉકેલ માટે મજબૂત બનાવશે અને જોબ માર્કેટ માટે તૈયાર કરશે. લેસીએ સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, આજે આ પ્રાંત અને દેશમાં કમ્પ્યુટર ઈન્ફર્મેશન સિસ્ટમ પ્રોફેશનલ્સની 17,800 જગ્યાઓ ખાલી છે. આપણી અર્થવ્યવસ્થામાં આ પ્રકારની યોગ્યતાની ભારે જરૂરિયાત છે. અપડેટેડ કમ્પ્યુટર સ્ટડીઝ અભ્યાસક્રમ સપ્ટેમ્બરમાં ગ્રેડ 10ના નવા કોર્સ સાથે શરૂ થશે અને વિદ્યાર્થીઓને કોડિંગ કોન્સેપ્ટ્સ લાગુ કરવાની, હેન્ડ-ઓન પ્રોજેક્ટ્સ બનાવવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યુરિટી અને ઉભરતી ટેક્નોલોજીની તપાસ કરવાની તક આપશે. ટેક્નોલોજીકલ એજ્યુકેશન અભ્યાસક્રમ અપડેટ્સ સપ્ટેમ્બર 2024માં સુધારેલા ગ્રેડ 9 અને 10 અભ્યાસક્રમો સાથે શરૂ કરવા માટે તૈયારી થઈ રહી છે. સરકારે જણાવ્યું હતું કે, અદ્યતન કૃષિ, ઉત્પાદન અને બાંધકામમાં ઓટોમેશન એડવાન્સમેન્ટને પ્રતિબિંબિત કરશે અને નવી કોર્સ સામગ્રી વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રિશિયન અને પ્લમ્બર તરીકે અને સંચાર અને ઉત્પાદનમાં કારકિર્દી બનાવવા માટે તૈયાર કરશે. ઓન્ટેરિયોએ છેલ્લે 2009માં તકનીકી શિક્ષણ અભ્યાસક્રમ અપડેટ કર્યો હતો અને કમ્પ્યુટર વિજ્ઞાન અભ્યાસક્રમ છેલ્લે 2008માં અપડેટ કરવામાં આવ્યો હતો.

# કેનેડિયન કર્મચારીઓમાંથી અડધા 2023માં તેમની નોકરી બદલવા ઈચ્છૂક

## નોકરી બદલવાની વિચારણ પાછળ આર્થિક અનિશ્ચિતતા અને ફુગાવો મહત્વનું કારણ

**ઓન્ટેરિયો**

આર્થિક અનિશ્ચિતતા અને ઊંચા ફુગાવાના દરો છતાં બિઝનેસ કન્સલ્ટિંગ ફર્મ રોબર્ટ હાફ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા સર્વેક્ષણ સૂચવે છે કે અડધા જેટલા કેનેડિયનો આગામી વર્ષમાં તેમની નોકરી બદલવાની યોજના ધરાવે છે.

રોબર્ટ હાફના દ્વિવાર્ષિક જોબ ઓપ્ટિમિઝમ સર્વે અનુસાર સર્વેક્ષણમાં સમાવિષ્ટ 1,100 વ્યાવસાયિકોમાંથી 50 ટકાએ જણાવ્યું કે, તેઓ હાલમાં નવી નોકરી શોધી રહ્યા છે અથવા 2023માં નવી નોકરી શોધવાની યોજના ધરાવે છે.

સર્વેક્ષણમાં નોંધાયુ છે કે અડધાથી વધુ જનરલ ઝેડ અને મિલેનિયલ કામદારો કંઈક બીજું નવું કામ શોધવાનું આયોજન કરી રહ્યાં છે. સંશોધન મુજબ સૌથી વધુ અસરગ્રસ્ત ઉદ્યોગ, ટેક સેક્ટર છે, જેમાં 57 ટકા પ્રોફેશનલ્સ કહે છે કે, તેઓ નવું કામ શોધી રહ્યા છે. રોબર્ટ હાફએ જણાવ્યું હતું કે એક જ કંપનીમાં બેથી ચાર વર્ષનો અનુભવ ધરાવતા 61 ટકા કર્મચારીઓ અને 55 ટકા વર્કિંગ પેરેન્ટ્સે જવાબ આપ્યો કે તેઓ આવતા વર્ષે નોકરી બદલવાની યોજના બનાવી રહ્યા છે.

# પાક-અફઘાન સરહદ ઉપર ભીષણ ગોળીબાર, અનેક નાગરિકો ઘાયલ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડર પર ફરી એકવાર સંકટ વધુ ઘેરાઈ ગયું છે. છેલ્લા ઘણા દિવસોથી બંને તરફથી ગોળીબાર ચાલુ છે. જેમાં અનેક નાગરિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ચમન-સ્પિન બોલ્ડક બોર્ડર પર અફઘાન તાલિબાન લડવૈયાઓ અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે સંઘર્ષ ચાલુ છે. પાકિસ્તાનના મીડિયાએ સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે બંને તરફથી સતત ગોળીબાર ચાલુ છે અને તેમાં ઘણા નાગરિકો ઘાયલ થયા છે.

અધિકારીઓનું કહેવું છે કે આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં બે ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સતત ગોળીબાર વચ્ચે તાલિબાન લડવૈયાઓ સરહદ તરફ આગળ વધી રહ્યા છે. સરહદ પર ચાલી રહેલી સૈન્ય સ્થિતિને કારણે, બલૂચિસ્તાનની તમામ હોસ્પિટલો માટે ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

આ પહેલા 11 ડિસેમ્બરે પણ બંને તરફથી ઉગ્ર ગોળીબાર થયો હતો. જેમાં 6 પાકિસ્તાની નાગરિકોના મોત થયાનું જણાવ્યું હતું. 17 થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. આ અંગે પાકિસ્તાની સેનાએ નિવેદન જાહેર કર્યું છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના નાગરિકો પર કોઈપણ હેતુ વગર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સેનાનો આરોપ છે કે તાલિબાન દ્વારા તોપખાના અને મોર્ટારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# ભાડૂતો હવે વન-ટાઈમ 500 ડોલર હાઉસિંગ બેનિફિટ ટોપ-અપ માટે અરજી કરી શકશે

**ઓન્ટેરિયો**

કેનેડા હાઉસિંગ બેનિફિટના વન-ટાઈમ ટોપ-અપને ઍક્સેસ કરવા માંગતા ભાડૂતો માટે હવે અરજીઓ મંગાવવાની શરૂઆત થઈ ચૂકી છે.

જેમાં પાત્રતા ધરાવતા લોકોને વધારાના 500 ડોલર પ્રાપ્ત થશે. એનડીપી સમર્થિત લિબરલ એફોર્ડેબિલિટી પ્લાનના ભાગરૂપે વચન આપવામાં આવ્યું હતું કે, ગયા મહિને એક કાયદો બન્યો હતો, જેમાં ઓછી આવક ધરાવતા કેનેડિયનો માટે આ ભાડામાં વધારો તેમજ પ્રથમ ફેડરલ ડેન્ટલકેર બેનિફિટ બંને લાગુ કર્યા હતા.

12 ડિસેમ્બરે એપ્લિકેશન પોર્ટલ શરૂ થાય તે પહેલા ફેડરલ કેનેડા રેવન્યુ એજન્સી (CRA)ના અધિકારીઓએ અરજી કરવા માંગતા કેનેડિયનો માટે સિસ્ટમ કેવી રીતે કાર્ય કરશે તે અંગે પત્રકારોને માહિતી આપી હતી.

આ ટેક્સ-ફ્રી ફેડરલ સહાયને ઍક્સેસ કરવા માંગતા લોકો માટે એક મહત્વપૂર્ણ નોંધ એ છે કે, અરજીઓ ફક્ત 31 માર્ચ, 2023 સુધી જ સ્વીકારવામાં આવશે. જો તમે વધારાની સહાયની શોધ કરનારા ભાડુઆત હો, તો તમે જાણી લો કે તે અહીં છે. ઉદારવાદીઓએ પાનખરમાં હાલના કેનેડા હાઉસિંગ બેનિફિટ પ્રોગ્રામને વન-ટાઈમ 500 ડોલર ફેડરલ બૂસ્ટની જાહેરાત કરી છે અને રાષ્ટ્રવ્યાપી વધતા જતા ભાડાના ખર્ચને આવરી લેવા માટે પાત્રતા ધરાવતા લોકોને મદદ કરવાનું વચન આપ્યું છે. આગામી વર્ષોમાં જો જીવનમાં પડકારો રહે તો તેના નવીકરણ કરવાની સંભાવના સાથે NDP લિબરલ સોદામાં સામેલ, ફેડરલ સરકાર 2022માં ટોપ-અપ રોલ આઉટ જોવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રોગ્રામનો ખર્ચ 1.2 બિલિયન ડોલર છે, જેમાંથી 475 મિલિયન ડોલરનો 2022ના ફેડરલ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. વધારાના ભંડોળનો 2022ના ફેડરલ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સરકારે આ વર્ષે પાત્રતા ધરાવતા લોકો માટે 475 મિલિયન ડોલર ફાળવ્યા હતા.

# ક્યૂબેકમાં ઈમિગ્રન્ટ્સ અંગે ટ્રુડોનું નિવેદન અસંવેદનશીલ : ઈમિગ્રેશન મંત્રી

**ઓન્ટેરિયો**

ક્યૂબેકના ઈમિગ્રેશન પ્રધાને વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની ટિપ્પણીઓનો જવાબ આપ્યો છે અને કહ્યું છે કે પ્રાંત આયોજિત 50,000ને બદલે દર વર્ષે 112,000 ઈમિગ્રન્ટ્સનું સ્વાગત કરી શકે છે તેવું તેમનું નિવેદન ફ્રેન્ચ ભાષાનાં રક્ષણના ક્યૂબેકના પડકાર માટે સંવેદનશીલ છે. ટ્રુડોએ સોમવારે બપોરે કેનેડિયન પ્રેસને વર્ષના અંતનાં ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ક્યૂબેક પાસે ઈમિગ્રેશન ઉછાળા કરતાં બમણા કરતાં વધુ સંસાધનો છે અને તે પ્રાંત પાસે પહેલાથી જ તે લોકો માટે તમામ સાધનો છે. આ વર્ષની શરૂઆતમાં, ફેડરલ સરકારે 2025 સુધીમાં 500,000 નવા ઈમિગ્રન્ટ્સને આવકારવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. 112,000 તે સંખ્યાના 22.3 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે, જે કેનેડાની અંદર ક્યૂબેકની વસ્તીની સમકક્ષ છે. તેમણે



ઈમિગ્રેશનના ઉછાળા કરતા બમણા
સંશાધનો હોવાનો કટાક્ષ કરાયો હતો

જણાવ્યું હતું કે ક્યૂબેક અને બાકીના દેશને શ્રમની તંગીનો સામનો કરવા માટે ઈમિગ્રેશન એ મહત્વપૂર્ણ ઉકેલ છે. પ્રાંતીય ઈમિગ્રેશન પ્રધાન ક્રિસ્ટીન ફ્રેચેટે મંગળવારે એક નિવેદનમાં વળતો જવાબ આપ્યો કે, તે ક્યૂબેક પર નિર્ભર છે, અને માત્ર ક્યૂબેક તેના ઈમિગ્રેશનનો ઉછાળો નક્કી કરવા માટે છે. તેણે ઉમેર્યું હતું કે, ક્યૂબેક પાસે બેવડો પડકાર છે જે મજૂરની અછતને ઘટાડવા માટે કેનેડા માટે મહત્વનો છે. ફ્રેન્ચના ઘટાડા પર અંકુશ મૂકવા પ્રત્યે ટ્રુડો અસંવેદનશીલ જણાય છે. પ્રીમિયર ફ્રાન્કોઈસ લેગોલ્ટે બે અઠવાડિયા પહેલા નેશનલ એસેમ્બલીમાં એક ભાષણમાં કહ્યું હતું કે, તેમની સરકાર માટે, ક્યૂબેકમાં ફ્રેન્ચ ભાષાના ભાવિ સાથે ઈમિગ્રેશનને જોડવું મહત્વપૂર્ણ છે. તેઓ ઈચ્છે છે કે 2026 સુધીમાં ક્યૂબેકમાં જતા તમામ આર્થિક ઈમિગ્રન્ટ્સ ફ્રેન્કોફોન બને.

।। સ્વામી શ્રીજી ।।

પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# દોષોને અવગણી પરોપકાર કરવુ એ જ મહાનપુરુષોનું વ્યસન

પુષ્પ પોતાની સુવાસ કોઈને આપે અને કોઈકને ન આપે એવું ક્યારેય નથી થતું. તે પોતાના સંસર્ગમાં આવનાર પ્રત્યેકને સુવાસિત કરે છે. સરિતા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર જીવ-પ્રાણીમાત્રનું પોષણ કરે છે. ચંદન પોતે ઘસાઈને અન્યને શાતા આપે છે. તેમ મહાપુરુષો પોતે ઘસાઈને અન્યના જીવનને શીતળતા અર્પે છે, સુવાસિત કરે છે અને પોષણ કરે છે. તેમની સહાયતાનો હાથ દરેકને મળે છે. તેમની કરુણાગંગાથી કોઈ વંચિત નથી રહેતું. જીવ-પ્રાણીમાત્ર તેમાં ભીંજાય છે.

રામચરિતમાનસમાં સંતકવિ તુલસીદાસજી લખે છે કે,

**संत हृदय नवनीत समाना,**
**परदुःख द्रवै सो संत पुनीता ।**

અર્થાત્, સંતનું હૃદય માખણ જેવું નરમ અને કોમળ છે. જેમ માખણને અગ્નિનો સ્પર્શ થતાં તત્કાળ ઓગળવા લાગે છે, તેમ મહાપુરુષો જીવ-પ્રાણીમાત્રનું (અન્યનું) દુઃખ જોઈ તત્ક્ષણ દ્રવિત થઈ જાય છે. તેમનાં હૃદયકુંડમાંથી સહજમાં કરુણાનો ધોધ વહેવા લાગે છે.

એકવાર એકનાથ રસ્તામાંથી પસાર થતા હતા. ત્યારે એક બાળક ઘરનો રસ્તો શોધતો, અટવાતો અને ઉનાળાની ગરમ થયેલી રેતીથી દાઝતો, રડતો આમતેમ ફરતો નજરે પડ્યો. એકનાથના હૃદયમાંથી કરુણાની કંપારી છૂટી ગઈ. તેમણે ચીંથરેહાલ બાળકને ઊંચકી લીધો. તેની પૂછતાછ થતાં તે હરિજનવાસમાં રહેતો જણાયો. પ્રેમથી તેઓ તેને તેના ઘર સુધી મૂકી આવ્યા. આ પ્રસંગથી કેટલાક લોકો ખૂબ ગુસ્સે થયા. એકનાથને પ્રાયશ્ચિત્ત કરવા તથા શુદ્ધ થવા ગોદાવરીમાં સ્નાનની આજ્ઞા થઈ.

એકનાથ ગોદાવરીના કિનારે પહોંચ્યા, ત્યારે ત્યાં એક રક્તપિત્તિયો તેમને મળ્યો. તેણે કહ્યું : તમે બાળકને રેતીમાંથી તપતું બચાવ્યું, તેનું પુણ્ય મને આપી મારો સ્પર્શ કરો. મને આશા છે કે, તેથી મારો રોગ દૂર થશે. એકનાથે તે પુણ્ય અર્પણનો સંકલ્પ કરી રોગી પર જળ છાંટ્યું. ખરેખર ! તેનો રોગ દૂર થઈ ગયો. જે કાર્યનું પાર્યશ્ચિત્ત કરવા એકનાથને દંડ થયો તેનું આવું મોટું ફળ જોઈ દંડ દેનારા શરમાઈ ગયા અને એકનાથને નમી પડ્યા.



ખરેખર કવિ બાણભટ્ટ સાચું કહે છે કે,

**अनपेक्षितगुणदोषः**
**परोपकारः सतां व्यसनम्।**

અર્થાત્ કોઈના પણ ગુણ-દોષ તરફ ધ્યાન આપ્યા વિના પરોપકાર કરવો એ મહાન પુરુષોનું એક વ્યસન જ છે. અને તેમની વિશેષતા જ એ છે કે, તેઓ કોઈની પણ પીડા ક્યારેય જોઈ શકતા નથી. અને જ્યારે કોઈને દુઃખી જુએ ત્યારે તેમની આંખોમાંથી કરુણા વહી જાય છે.

૨૬ જાન્યુઆરી ૨૦૦૧નો દિવસ ગુજરાતની ધરતી માટે સાક્ષાત્ કાળ સમાન પુરવાર થયો હતો. છેલ્લાં દોઢસો વર્ષોમાં ક્યારેય ન અનુભવ્યો હોય, એવા વિનાશક ધરતીકંપે ગુજરાતના જનજીવનને વેરવિખેર કરી નાંખ્યું. હજારોનાં પ્રાણપંખેરું ક્ષણમાં ઊડી ગયાં. હજારો લોકો પળમાં બેઘર બની ગયા. અનેક લોકો ઘડીમાં હાથ-પગ વિહોણાં થઈ ગયાં. કરોડો લોકો ભયના ઓથાર નીચે ફફડતાં પારેવડાંની જેમ કાંપતાં થઈ ગયાં. કુદરતની આ વિનાશલીલા સામે માણસ ભલે વામણો પુરવાર થયો, પરંતુ માનવતા મુઠ્ઠી ઊંચેરી નીવડી.

ભૂકંપની ધ્રુજારીઓ ગુજરાતના જનજીવનને છિન્ન-ભિન્ન કરતી ગઈ, ત્યારે કચ્છ-સૌરાષ્ટ્રના લાખો અસરગ્રસ્તોને કદાચ એ ખબર નહોતી કે, એમની ચિંતામાં એક ૮૧ વર્ષીય મહાપુરુષ દિવસ-રાત એક કરી રહ્યા છે. ભૂકંપની પ્રથમ ક્ષણોથી જ પોતાના ઈષ્ટને પ્રાર્થના કરીને શીઘ્ર ભૂકંપગ્રસ્તોની સેવા-સંભાળમાં જોડાઈ જનાર પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની કરુણાગંગા અનેક પીડિતો સુધી વહેવા લાગી હતી. બી.એ.પી.એસ. સંસ્થાનું આયોજનબદ્ધ તંત્ર કાર્યરત થઈ ગયું. કોઈને કલ્પના પણ ન હતી કે, પળ-બે પળમાં નોધારાં બની જનારાં કમનસીબોને આવો હૂંફાળો આધાર મળી જશે. ખરેખર, માનવતાના દેવદૂતો સમા સંતો અને સ્વયંસેવકોએ હજારો લોકાનાં આંસુ લૂછ્યાં અને એમના ભાંગી પડેલા જીવનમાં નવજીવનનો શ્વાસ ફૂંકી આપ્યો.

ભૂકંપથી આઘાતમૂઢ સમાજ પરિસ્થિતિને સમજવા હજુ તો સજ્જ પણ નહોતો થયો, ત્યારે તે જ દિવસે બપોરે ભોજનનો પહેલો ગરમ ગરમ કોળિયો બી.એ.પી.એસ. સંસ્થાએ પહોંચાડ્યો હતો.

ખરેખર, જેના હૃદયમાં જીવપ્રાણીમાત્ર પ્રત્યે સાચો પ્રેમ હોય, તેના જ હૈયેથી કરુણાની ગંગા વહે છે. બીજાની પીડાથી પીગળી જવું અને તેમને દુઃખ-પીડાથી મુક્ત કરવા વ્યાકુળ થઈ જવું એ પ્રમુખસ્વામી મહારાજ માટે શ્વાસોચ્છ્વાસ જેવી સહજ બાબત હતી.

તેમના કરુણાભીના વ્યક્તિત્વને નિરૂપતાં છેલ્લા પાંચ-પાંચ દાયકાના અનેક પ્રસંગો નજર સમક્ષ તરવરે છે. દુષ્કાળ હોય કે પૂર હોનારત, ભૂકંપ હોય કે ત્સુનામી દુર્ઘટના, વ્યસનમુક્તિ હોય કે માંસાહારમુક્તિ, પારિવારિક કલહ હોય કે સામાજિક દાવાનળ, અરે ! સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં આવતી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં પૂ. પ્રમુખસ્વામી મહારાજ સૌપ્રથમ લોકદુઃખમાં ભાગીદાર બન્યા છે.

અસરગ્રસ્તોની સેવામાં હજારો સ્વયંસેવકોને જાગ્રત કરીને, તેમણે વૃદ્ધ વયે પણ સેવાનાં વિરાટ કાર્યોના બોજ ઊંચક્યા છે.

મહાભારતમાં ભગવાન વેદવ્યાસ સંતનું લક્ષણ વર્ણવતાં કહે છે : **दयावन्तः सन्तः करुणवेदिनः**

અર્થાત્ સંત દયાવાન અને કરુણાપૂર્ણ હોય છે. શ્રીમદ્ ભાગવત પુરાણનો એકાદશ સ્કંધ સંતનાં લક્ષણોમાં કૃપાળુતા એટલે કે કરુણાને સર્વપ્રથમ ક્રમે મૂકે છે.

સતત અને અવિરત પરહિત માટે જ જેમની નસોમાં લોહી દોડે છે, એ મહાનુભાવ દેહાતીત છે. જે દેહાતીત છે, દેહભાવથી પર છે તે જ બીજાની સર્વોત્તમ પરવાહ કરી શકે છે. તે જ વિચારી શકે, તે જ ઉચ્ચારી શકે અને તે જ આચરી શકે : બીજાના સુખમાં આપણું સુખ છે, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે, બીજાના ભલામાં આપણું ભલું છે.

**- સાધુ કૌશલમૂર્તિદાસ**




CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

OM INDIA
FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON
**416-743-1100**

139 Charing Cross, Brantford Ontario
**519-758-9999**

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
**416-297-8383**

71 West Drive, Unit#42, Brampton, ON
**905-452-1100**

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
**514-426-1100**